page 4 page 1


સુવર્ણ વરસીતપ અનુમોદના
50
તપસ્વી સમ્રાટ અચલગચ્છાધિપતિ
પ.પૂ.ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.
જૈન જીવ વિજ્ઞાન
(જીવ વિચાર)
સચિત્ર વિવેચન સહિત
– સા. જયદર્શિતાશ્રીજી
(M.Sc., Ph.D.)





# જૈન જીવ વિજ્ઞાન

## (જીવ વિચાર)

### સચિત્ર વિવેચન સહિત


**વિવેચનકાર**

તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.

શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના

આજ્ઞાનુવર્તીની

શાસનપ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સુશિષ્યા

સા. જયદર્શિતાશ્રીજી (M.sc, Ph.d.)



પ્રકાશક

**શ્રી શત્રુંજય એકેડમી**

શ્રી પદ્મપ્રભસ્વામિ જિનાલય, સ્ટેશન રોડ,

ચાલીસગામ, જિ. જલગામ (મહારાષ્ટ્ર).

તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.

શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના સુવર્ણ વરસીતપ નિમિત્તે પ્રકાશિત

# જૈન જીવ વિજ્ઞાન

## (જીવ વિચાર)

સચિત્ર વિવેચન સહિત

વિવેચન

સા. જયદર્શિતાશ્રીજી

:: પ્રથમ આવૃત્તિ ::
વિ.સં.૨૦૭૨
ઈ.સ. ૨૦૧૬

:: નકલ ::
૧૦૦૦

પ્રકાશન એવં પ્રાપ્તિસ્થાન
શ્રી શત્રુંજય એકેડમી
શ્રી પદ્મપ્રભસ્વામિ જિનાલય, સ્ટેશન રોડ,
ચાલીસગામ, જિ. જલગામ (મહારાષ્ટ્ર).

મુદ્રક
અશોક પ્રિન્ટરી
દરબાર ચોક, પાલીતાણા. મો. ૯૨૨૮૨૮૫૪૮૮.

# અંતરના અનુગ્રહ દાતા

પ્રાતઃ સ્મરણીય, તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ



## પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા



## દિવ્ય કૃપા વર્ષા

**આગમ અભ્યાસી...**
**સિદ્ધાચલ સ્નેહી...**
**નવકારમંત્રારાધિકા...**
**બા.બ્ર.પ.પૂ.**

### મુક્તિશ્રીજી મ.સા.

## દિવ્ય કૃપા વર્ષા

**પલ-પલ સ્મરણીય...**
**શાસન પ્રભાવિકા**
**જ્ઞાનારાધના પ્રેરીકા...**

### પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.





## મંગલમય પ્રેરણા

**શાંત સ્વભાવી...**
**સૌમ્ય મૂર્તિ...**

### પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.

# પુષ્પ ૭



## આદરભાવે અર્પણ...

રોમે રોમે જ્યાં વાત્સલ્ય ભાવ છે...
જીવ માત્ર માટે જ્યાં મૈત્રીભાવ છે...
શમ–સંવેગ–નિર્વેદના જે સ્વામી છે...
આત્મ રમણતાના જે અભ્યાસી છે...
કર્મોને તપાવી, આત્મ શુદ્ધિના સાધક છે...
૫૦મા વરસીતપના આરાધક છે...
એવા
ત્યાગી...તપસ્વી–તેજસ્વી
તપસ્વી સમ્રાટ્, અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ.
**શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**
ના કરકમળમાં
આદરભાવે અર્પણ.

આપશ્રીના વરદ્ હસ્તે
વડી દીક્ષા પામનાર પ્રથમ સાધ્વી
સા. જયદર્શિતાશ્રીજી.

# બે શબ્દ...

પ્રભુ મહાવીર સ્વામિને વૈશાખ સુદ દશમના કેવળજ્ઞાન થયું...
વૈશાખ સુદ અગિયારસના પ્રભુએ ગણધર ભગવંતોને દીક્ષા આપીને તીર્થ સ્થાપના કરી.
ગણધર ભગવંતોએ પરમાત્માને પૂછ્યું – **''भयवं ! कि तत्तं ?''**
ભગવંતે જવાબ આપતા કહ્યું – **''उपनेइ वा...विगमेइ वा...धुवेइ वा...।''**

સંસારમાં વસ્તુ ઉત્પન્ન થાય છે... વિનાશ પામે છે... (અલ્પ સમય માટે) ધ્રુવ રહે છે... આજ તત્વ છે. પરમાત્માએ જણાવેલ ત્રિપદિ સાંભળી ગણધર ભગવંતો દ્વાદશાંગીની રચના કરે છે. વિશ્વનું તત્વજ્ઞાન જેમાં સમાયેલું છે. આવી દ્વાદશાંગીને મહા પુણ્યવંતા જીવો પામી શકે છે. આપણું ક્યાં આવું પુણ્ય ? પરંતુ આપણા ઉપર મહાન ઉપકાર કરી પૂર્વાચાર્યોએ તત્વજ્ઞાનમાં પ્રવેશ કરવા માટે 'ચાર પ્રકરણ'ની રચના કરી.

આ ચાર પ્રકરણ સરળ ભાષામાં આપ સહુની સમક્ષ મુકવાનો પ્રયાસ કર્યો છે.

ચાલતાં-ફરતાં તત્વજ્ઞાન સમાન, સંઘ શિરછત્ર, તપસ્વી સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ**ના **૫૦માં સુવર્ણ વર્ષીતપ** પ્રસંગે એને પ્રકાશિત કરતાં આનંદ અનુભવીએ છીએ.

**જીવ-વિચારના જ્ઞાન દ્વારા જયણા અને મૈત્રીના સ્વામી બનીએ.**
**નવતત્વના અભ્યાસ દ્વારા સમ્યગ્દર્શન પામીએ.**
**દંડકના પરિચયને પામી ૨૪ દંડકમાંથી મુક્તિ વરીએ.**
**લઘુસંગ્રહણીને જાણી શાશ્વત ધામ રૂપી સિદ્ધશીલા પર જઈ વસીએ.**

આજ હેતુથી થયેલા આ પ્રકાશનમાં જેમણે જેમણે લાભ લઇ પુણ્યાનુબંધી પુણ્યનું ભાતું બાંધ્યું છે. તે હાર્દિક અનુમોદનાને પાત્ર છે.

સરળ ભાષામાં તત્વજ્ઞાન સમજાવતાં મોહ કે પ્રમાદવશ કોઇ ક્ષતિ રહી ગઇ હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

લી.
સા. જયદર્શિતાશ્રીજી.

# સુકૃતના સહભાગી
# શ્રુત રત્ન

- ❊ શ્રી શત્રુંજય - મુક્તિ વિરેન્દુ રત્નત્રયી ટ્રસ્ટ (હુબલી)
- ❊ શ્રી દેવલાલી જૈન શ્વે. તીર્થ ટ્રસ્ટ (દેવલાલી)
- ❊ અ.સૌ. જ્યોતિબેન ચીમન ખોના (નલીયા) - માટુંગા
- ❊ શ્રી શામજી હંસરાજ ધરમશી (સુથરી) - માટુંગા
- ❊ મા. નવલબાઇ વીરચંદ મોમાયા (સાંયરા) - ઘાટકોપર
- ❊ મા. સદ્‌ગુણાબેન મુલચંદ લોડાયા (બાંઢીયા) - મુલુંડ
- ❊ શ્રીમતી વાસંતીબેન નરેન્દ્ર શાહ (ચાંગડાઇ) - દેવલાલી
- ❊ સૌ. પ્રીતીબેન જેઠાલાલ રાજપાર નાગડા (નરેડી) - દેવલાલી
- ❊ સૌ. અમૃતબેન કીશોર છેડા - પ્રિન્સ પ્લાસ્ટીક (ડોણ) - માટુંગા
- ❊ મા. મણીબેન રાયશી ગડા (ચીઆસર) - વડાલા
  હ. ચિ. દીપ, અ.સૌ. નેણ અનીલ રાયશી ગડા
- ❊ સંઘમાતા હેમલતાબેન ભવાનજી રાયશી ગોસર
  હ. ચિ. તીર્થ, ચિ. દિશા, અ.સૌ. તરૂણા અમીત ગોસર (દેવપુર) - વડાલા
- ❊ મા. ઇન્દુબાઇ વીરચંદ પટેલ (નલીયા) - હુબલી
- ❊ કુ. ઉર્વી વિપુલ ડાઘા (ગોએરસમા) - અમલનેર
- ❊ કુ. ઉન્નતિ પંકજ ધરમશી, હ. લક્ષ્મીબેન રમેશ ડાઘા (ગોએરસમા) - દેવલાલી
- ❊ ચિ. હર્ષ- ચિ. વૃષ્ટિ ભાવેશ મોમાયા, હઃ લેખાબેન ધનપતિ મોમાયા (બારોઇ) જલગાંવ
- ❊ એક શ્રુત પ્રેમી સદ્‌ગૃહસ્થ
- ❊ મા. નિર્મલાબેન સુમતીચંદ લોડાયા (બારોઇ) નાસિક
- ❊ ચિ. મેહા પિયુષ ડાઘા, ચિ. સલોની, ચિ. ધનવી કુમાર સોની (ગોએરસમા) પારોલા

# શ્રુત આધાર

- ✲ મા. જયાબેન નરશી શામજી ધરમશી (નલીયા) – મુલુંડ
- ✲ મા. બચુબેન માલશી હંસરાજ દેઢીયા (ગઢશીશા) – માટુંગા
- ✲ મા. વિમલાબેન ચીમનલાલ લાપસીયા (રંગપુર) – મુલુંડ
- ✲ મા. બાયાંબાઇ નથુભાઇ લાપસીયા તથા જયંતિલાલના સ્મરણાર્થે
  હ : ભારતીબેન (રંગપુર) – મુલુંડ
- ✲ શ્રુતપ્રેમી શ્રાવિકા – ન્યુજર્સી
- ✲ અ.સૌ. જયાબેન જીતુભાઇ મોતા (તેરા) – અંકલેશ્વર
- ✲ અ.સૌ. ડૉ. પ્રીતીબેન દિનેશ ગોસર (બારોઇ) – હૈદ્રાબાદ
- ✲ શ્રી નાનજી ગાંગજી હરીયા (દેવપુર) – માટુંગા
  હઃ ચિ. નાયકા, ચિ. નિસ્કા અલ્પેશ નાનજી હરીયા
- ✲ અ.સૌ. કાશ્મીરાબેન કાંતિલાલ કરમશી વિકમશી (જખૌ) – વાલકેશ્વર
- ✲ મા. લક્ષ્મીબાઇ હિરજી પુનશી શિયાળ (જખૌ) – માટુંગા
- ✲ સુશ્રા. માલાબેન હરીશ લોડાયા (બાંઢીયા) – મુલુંડ
- ✲ કુ. વાસંતી હિરજી ખોના (નલીયા) માટુંગાના સ્મરણાર્થે
  હઃ કલાવતી કિશોર મૈશેરી (લાલા) – મુલુંડ
- ✲ શ્રીમતી કલાવતી કિશોર મૈશેરી (લાલા) – મુલુંડ
- ✲ ચિ. માંયરા શ્રેણિક મોમાયા
  હઃ મનોરમા રુપમ મોમાયા (નલીયા) – ઘાટકોપર
- ✲ અ.સૌ. છાયા ભરત ગોસરના અક્ષયનિધિ તપની પૂર્ણાહુતિ નિમિત્તે (હાલાપર) – દેવલાલી
- ✲ મા. જયાબેન ઝવેરચંદ મોમાયા (સાંયરા) – ચાલીસગામ
- ✲ મા. શાંતાબાઇ બાબુભાઇ છેડા (કાંડાગરા) – દેવલાલી
- ✲ અ.સૌ. હેમાબેન કેશવજી દેવજી ગાલા (કોટડા રોહા) – દેવલાલી
- ✲ મા. નીતાબેન રાયચંદ છેડા (વારાપધ્ધર) – મુલુંડ
- ✲ સંઘમાતા હંસાબેન હિરાચંદ પટેલ (બાંઢીયા) – ઐરોલી
- ✲ અ.સૌ. નીલમબેન ઝવેરચંદ કેશવજી લોડાયા (સાંયરા) – ડોંબીવલી
- ✲ મા. ચંદનબેન શાંતિલાલ મોમાયા (સાંયરા) – ગાંધીધામ
- ✲ કુ. શ્વેતા પંકજ છેડા (ગોધરા) – દેવલાલી
- ✲ ચિ. ચિરાગ પંકજ છેડા (ગોધરા) – દેવલાલી
- ✲ મા. અમૃતબેન ઉમરશી ખીમસરીયા (ઉનડોઠ) – દેવલાલી
- ✲ શ્રી લક્ષ્મીચંદ હરખચંદ જેઠુ હરીયા (શેરડી) – વડાલા
- ✲ શ્રુતપ્રેમી શ્રાવિકા
- ✲ મા. ચંદનબેન નારાયણજી નાગડા (જખૌ) – જલગાંવ
- ✲ મા. દેવકુંવરબેન પિ.ડૉ. મેઘજી વેલજી ધરમશી
  હઃ ડૉ. ઉર્વશી, પ્રિયંવદા, વિધાતા, તક્ષશીલા (ગોરખડી) – તારદેવ

# અમુલ્ય જીવત્વ

ક્ષણિક સુખ હોય કે શાશ્વત સુખ હોય... ભોગનું સુખ હોય કે યોગનું સુખ હોય...

એની પ્રાપ્તિનો ઉપાય શું ? એનો જવાબ આપતા શાસ્ત્રકારો કહે છે ''વિશ્વની તમામે તમામ પુણ્યપ્રકૃતિ અને પ્રાંતે મુક્તિની પ્રાપ્તિમાં કોઇ પ્રબળ તત્ત્વ કામ કરતું હોય તો તે છે સકળ જીવરાશિની હિતચિંતાનો અદ્ભુત અધ્યવસાય!''

કેટલી સુંદર... મજાની વાત છે... વિશ્વના જીવોના હિતની સુખની... શાંતિની... વિચારણા કરો. ચિંતન કરો અને એના દ્વારા ક્ષણિક અને શાશ્વત સુખને પ્રાપ્ત કરો. જીવમાત્રનું જીવત્વ અમુલ્ય છે. એના મુલ્ય ક્યારે પણ આંકી શકાતા નથી. હીરા..પન્ના... મોતી... માણેક... બધાના મુલ્ય થઇ શકે. આ બધાને પૈસાના તરાજુ ઉપર તોલી શકાય છે. પરંતુ દુનિયામાં એવી એકે વસ્તુ નથી જેનાથી જીવના જીવત્વને તોલી શકાય...



જીવ કિડીનો હોય કે કૂંજરનો...





માનવનો હોય કે દાનવનો...





નરકનો હોય કે તિર્યંચનો...



જીવ માત્રનું જીવત્વ અણમોલ છે કારણ જીવત્વ એ સિદ્ધત્વની ખાણ છે. સિદ્ધત્વ એ વિમલ... નિર્મલ... શુદ્ધ સુવર્ણ છે. તો જીવત્વ એ સમલ.. અશુદ્ધ સુવર્ણ છે. (ઇમપ્યુર ગોલ્ડ), બન્ને છે તો સુવર્ણ જીવત્વએ સિદ્ધત્વની ખાણ છે. સિદ્ધત્વની ખાણ જીવત્વ છે. એ જીવત્વના ધારક જીવો પ્રત્યે જાણતાં અજાણતાં અન્યાય ન થઇ જાય... એમના પ્રત્યે બેદરકારી, દ્વેષ દુર્ભાવ ન થઇ જાય એ માટે સાધકે સાવધાન રહેવાનું છે. એ માટે સાધકની પાસે ''જીવ વિચાર''નું જ્ઞાન હોવું અતિ આવશ્યક છે.

જીવનમાં જો એક વખત જીવોની ઓળખાણ થઇ જાય... એમનામાં રહેલા જીવત્વમાં સિદ્ધત્વ પામવાની રહેલી શક્તિના દર્શન થઇ જાય પછી એને ભિખારીમાં પણ ભાવી સિદ્ધના દર્શન થશે. કૂતરા, બિલાડી, મચ્છર, માખી, ઇયળ, અળસિયા,

માટી, પાણી અગ્નિ બધામાં અનંત જ્ઞાન... દર્શન... ચારિત્ર અને વીર્ય ભરેલા આત્માના દર્શન થશે... બધાના હિતચિંતનની ભાવના જાગશે. જીવમાત્રના જીવત્વના હિતચિંતનરૂપ શુભ ભાવનામાં તીર્થંકરત્વ જેવી મહાન વસ્તુ ભેટ ધરવાનું... પેદા કરવાનું સામર્થ્ય છે.

ચાલો ! તો આપણે સહુ આગમના અગાધ દરિયામાંથી આપણા માટે સંક્ષિપ્તમાં મુકેલા **"જીવ-વિચાર"**નું અધ્યયન કરી, જીવો માટે શુભ અધ્યવસાયના સ્વામિ બનવાનો પુરૂષાર્થ આદરીએ.

પૂજ્યપાદ શાંતિસૂરીશ્વરજી મ. જીવ-વિચારનો પ્રારંભ કરતા કહે છે-

**भुवण पइवं वीरं, नमिउण भणामि अबुह बोहत्थं ।**
**जीव सरुवं किंचिवि, जह भणियं पूव्वसूरीहिं ॥ १ ॥**

**ગાથાર્થ :-** ત્રણ ભુવનમાં દીપક સમાન, એવા શ્રી વીરપ્રભુને નમસ્કાર કરીને અજ્ઞાની જીવોના બોધને માટે પૂર્વના આચાર્યોએ કહ્યું છે તેમ હું જીવના સ્વરૂપને કાંઇક કહીશ.





પ્રત્યેક રચનામાં રચયિતા પ્રથમ ગાથામાં દેવ-ગુરુ ને વંદન કરી માંગલિક કરે છે તથા રચનાનો હેતુ-સંબંધ અને વિષય જણાવે છે. અહીંપણ પૂજ્યપાદ શાંતિસૂરિજી મહારાજાએ આ ક્રમ જાળવ્યો છે.

ત્રણ ભુવનમાં દીપક સમાન દેવાધિદેવ મહાવીરસ્વામિને વંદના કરીને ગ્રંથની નિર્વિઘ્ને પૂર્ણાહુતિ માટે માંગલિક કર્યું છે.

ગ્રંથનો હેતુ જણાવતાં કહે છે "અજ્ઞાની જીવોના બોધને માટે આ ગ્રંથની રચના કરી છે."

ગ્રંથનો વિષય જણાવતા કહે છે કે "સંક્ષેપથી જીવનું સ્વરૂપ કહીશ અને એનો સંબંધ બતાવતા કહે છે" પૂર્વે થઇ ગયેલા આચાર્ય ભગવંતોએ જે કહ્યું તે જ કહીશ.

આવો ! આપણે આપણા અજ્ઞાનને દૂર કરવા... વિષય અને સંબંધને નજર સમક્ષ રાખી શાસનપતિ શ્રી મહાવીરસ્વામિને ભાવથી વંદન કરી. માંગલિક પૂર્વક આગળ વધીએ જીવના સ્વરૂપને જાણીએ...

**जीवा मुत्ता संसारिणोय, तस थावरा य संसारी ।**
**पुढवी जल जलण वाऊ , वणस्सइ थावरा नेया ॥ २ ॥**

**ગાથાર્થ :-** જીવોના મુક્ત અને સંસારી એમ બે ભેદ છે. સંસારી જીવોના ત્રસ અને સ્થાવર એમ બે ભેદ છે. પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય તથા વનસ્પિતિકાય એવા સ્થાવરના ભેદ છે.

વિશ્વમાં રહેલા સર્વ જીવોને બે ભાગોમાં વિભાજીત કરી શકાય.

(૧) એક જેઓ ચાર ગતિમય સંસારના પરિભ્રમણથી... જન્મ મરણથી... અને કર્મની રજથી સર્વથા મુક્ત થઇ ગયા છે. ચૌદ રાજલોકની ઉપર સિદ્ધશીલા ઉપર બિરાજમાન છે. આ જીવો મોક્ષના જીવો છે. જે **"મુક્ત"** ના નામથી ઓળખાય છે.

(૨) બીજા જીવો છે જે ચાર ગતિમય સંસારમાં પરિભ્રમણ કરી રહ્યા છે... ચાર ગતિમાં જન્મ-મરણ કરી રહ્યા છે... સતત કર્મો બાંધી વિવિધ પ્રકારના સુખ-દુઃખો ભોગવી રહ્યા છે. આ જીવો **"સંસારી"** જીવોના નામથી ઓળખાય છે.

મુક્ત જીવોની વિચારણા હમણાં પડખે રાખી સંસારી જીવોના ભેદ પ્રભેદ સમજાવે છે. સંસારી જીવો **"ત્રસ"** અને **"સ્થાવર"** એમ બે પ્રકારના છે.

**ત્રસ** નામ કર્મના ઉદયથી જે જીવો પોતાની ઇચ્છા મુજબ એક સ્થાનેથી બીજા સ્થાને જઇ શકે છે તે ત્રસ જીવો કહેવાય છે. સામાન્યથી આ હાલતા ચાલતા જીવો કહેવાયછે. જેમાં બેઇન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવોનો સમાવેશ થાય છે.

**સ્થાવર** નામકર્મના ઉદયથી જે જીવો સ્વઇચ્છાથી એક સ્થાનેથી બીજા સ્થાને જઇ શકતા નથી તે જીવો "સ્થાવર" કહેવાય છે. સામાન્યથી હાલી-ચાલી ન શકનાર એકેન્દ્રિય જીવોનો એમાં સમાવેશ થાય છે.



સ્થાવર જીવોના પાંચ ભેદ છે.

૧) **પૃથ્વીકાય :** વિવિધ પ્રકારના માટીના-પાષાણ અને ખાણના જીવો.
૨) **અપકાય :** વિવિધ પ્રકારના પાણીના જીવો.
૩) **તેઉકાય :** વિવિધ પ્રકારના અગ્નિના જીવો.
૪) **વાઉકાય :** વિવિધ પ્રકારના હવાના જીવો.
૫) **વનસ્પતિકાય :** વિવિધ પ્રકારના વનસ્પતિકાયના જીવો.

આ પાંચે પ્રકારના જીવો સ્વેચ્છાથી હલન ચલન કરી શકતા નથી. પરંતુ એમનામાં પણ પ્રચંડ શક્તિ છે. આપણે આ બધાની સાથે શુભ ભાવ પૂર્વકનો વ્યવહાર કરીએ તો આ બધા આપણા માટે સહાયક બને છે. પરંતુ એમના પ્રત્યેની આપણી ક્રૂરતા અથવા દયા-કરુણા વિનાનો વ્યવહાર વિનાશ નોતરનાર બને છે.

આ પાંચે સ્થાવરને પંચમહાભૂત કહેવાય છે. જીવન જીવવામાં આવશ્યક અને સહાયક છે. પરંતુ આપણે એમને અકારણ હેરાન કરીએ... આપણે આપણી મર્યાદા ભૂલીએ ત્યારે **''સો સુનારની એક લુહારકી''**ની જેમ આ પંચ મહાભૂતો કલ્પના બહારનો વિનાશ નોતરી બદલો લે છે.

ધરતિકંપ...ચક્રવાત(સાયક્લોન)...અતિવૃષ્ટિ.. અનાવૃષ્ટિ... પૂર... બોમ્બ બ્લાસ્ટ-અગ્નિઓ વગેરે દ્વારા પાંચ મહાભૂતો બદલો લે છે. એમના ક્રોધને થંડો કરવા આપણે આપણી મર્યાદાઓ સાચવવી પડશે. અનર્થદંડ એટલે વગર ફોગટના જીવસૃષ્ટિને હેરાન-પરેશાન કરવાની પ્રવૃત્તિ ત્યાગવી પડશે.






આ બધા માટે આપણે આ જીવસૃષ્ટિને વિશેષથી જાણવા સમજવાનો પ્રયત્ન કરવાનો છે.

## પૃથ્વીકાય

પૃથ્વીકાય સ્થાવરનો પ્રથમ ભેદ છે. એમ જાણવાની સાથે જ જિજ્ઞાસુને પ્રશ્ન થાય કે પૃથ્વીકાયમાં કોનો-કોનો સમાવેશ થાય ? એટલે જ પૃથ્વીકાયના ભેદનો પરિચય કરાવતાં પૂજ્યપાદ શાંતિસૂરિજી મ. કહે છે.-

**फलिह, मणि, रयण, विद्रुमहिंगुल हरियाल मणसिल रसिंदा ।**
**कणगाइ धाउ सेढी, वन्निय अरणेट्टय पलेवा ।। ३ ।।**
**अब्भय तूरी उसं, मट्टी पाहाण जाइओ णेगा ।**
**सोवी रंजण लूणा इ, पुढवी भेयाइ, इच्चाई ।।४।।**



**ગાથાર્થ :-** સ્ફટિક, મણિ, રત્ન,પરવાળા, હિંગલોક, હરતાળ, મણશીલ, પારો, સુવર્ણ વિગેરે સાત ધાતુ (સોનુ, રૂપુ, તાંબુ, સીસુ, કલઇ, જસત, લોઢું) ખડી, રમચી, અરણેટ્ટો, પારેવો, પાષાણ, અબરખ, તેજંતુરી, માટી અને પત્થરની અનેક જાતિઓ, સુરમો, મીઠું, સીંધવ વિગેરે પૃથ્વીકાયના ભેદો છે.














ઉપર જણાવેલા પદાર્થો સહજ સમજાય એવા છે. આ બધા પદાર્થો ખાણમાં હોય છે ત્યારે એમનામાં જીવ હોય છે. તેઓ વધે છે પરંતુ ખાણમાંથી બહાર કાઢ્યા પછી ધીરે ધીરે એમાંથી જીવ ચ્યવી જાય છે. જે બાકી રહે છે તે એમનું શરીર હોય છે.

માટી-મીઠું-ખારો વગેરે બધા પૃથ્વીકાયના એક કણમાં અસંખ્યાત જીવો હોય છે. આપણી સાવધાની અસંખ્ય જીવોને અભયદાન આપી શકે છે.

## અપકાય

પૃથ્વીકાયના જીવોનો આંશિક પરિચય કરીને હવે આપણે અપકાયના જીવોને જાણીએ.

**भोमंतरिखमुदगं, ओसाहिमकरग हरितणू महिया ।**
**हुंति घणोदहिमाइ, भेयाणे गाय आउस्स ।। ५ ।।**

**ગાથાર્થ :-** પૃથ્વીનું (કુવા વગેરેનું) આકાશનું (વરસાદનું) પાણી, ઠારનું બરફનું કરાનું, લીલા ઘાસ પરનું તથા ધુંવરનું ઘનોદધિ વગેરેનું પાણી આ બધા અપકાય (પાણી)ના ભેદો છે.

બધા પ્રકારના પાણી સ્વયં જીવમય છે. પાણીના એક બિંદુમાં અસંખ્ય જીવો છે. આપણે પાણીનો ગ્લાસ આખો ભરીએ... અડધો પી જઇએ અને અડધો એમ જ ફેંકી દઇએ. કેટલા જીવોના પ્રાણ લીધા? અંતરમાં કોઇ વેદના થાય છે ? આપણે કોઇ દુઃખ અનુભવીએ છીએ ? આ જીવો પ્રત્યે અંતરમાં દયા-કરૂણાની ભાવના ઉઠે છે ! એમના દુઃખે-દુઃખી થઇએ છીએ ? પોતાની જાતને પ્રશ્ન પુછશું... ચિંતન કરીશું જવાબ મળી જશે. આ જીવો પ્રત્યેની દયા-કરૂણાની ભાવના અઇમુત્તા

બાલમુનિને કૈવલ્યનીભેટ ધરે છે.

આ જીવો પ્રત્યેની પ્રેમ-મૈત્રીની ભાવના આપણને ફાલતુ પાપથી બચાવીને પ્રચંડ પુણ્ય પ્રાપ્તિ અવશ્ય કરાવશે. વિચારી જોજો...
















વિશ્વ વિવિધ પ્રકારના જીવોનો ભંડાર છે. કેવા-કેવા પ્રકારના જીવો છે આ વિશ્વમાં ? જાણવું... સમજવું... જોવું... અને અનુભવવું ઘણું જ કઠીન છે. પરંતુ આપણી અપૂર્વ પુણ્યાઇ છે કે આપણને સર્વજ્ઞ કથિત શાસ્ત્રો મળ્યા. જેમાં એમણે ગાગરમાં સાગરની જેમ વિશાલ શ્રુતસાગરનો ખજાનો આપણને આપ્યો છે.

સંસારી જીવોમાં એકેન્દ્રિય જીવો જેમની પાસે કેવળ શરીર છે એક માત્ર સ્પર્શેન્દ્રિય છે છતાં કેટલા-કેટલા વિવિધ ભેદો પ્રભેદો છે. સર્વજ્ઞ વિના કોણ આપી શકે એમનું જ્ઞાન ?

પૃથ્વીકાયના વિવિધ જીવોને જાણ્યા-સમજ્યા... અપકાયના જીવોને જાણ્યા-સમજ્યા...

આ તો આપણી સંક્ષિપ્ત વિચારણા છે. વિસ્તાર કરવા બેસીએ તો જીવન ટૂંકુ થઇ જાય... આપણાથી ક્યાંય ન પહોંચી શકાય.

## તેઉકાય

પૃથ્વીકાય તથા અપકાયને જાણ્યા - સમજ્યા પછી આવો આપણે હવે આગળ વધીએ. અગ્નિકાયના જીવોને જાણવા - સમજવા પ્રયત્ન કરીએ.

**इंगाल जाल मुम्मुर, उक्कासणि कणग, विज्जुमाइया।**
**अगणिजियाणं भेया, नायव्वा निउण बुद्धीए ।।६।।**



**ગાથાર્થ :-** અંગારાનો અગ્નિ, જ્વાલાઓ, ભરસાડ (ઉની રાખોડી)નો, ઉલ્કાપાતનો વજનો, કણીઆનો, વિજળીનો વિગેરે અગ્નિકાયના ભેદ નિપુણ (સૂક્ષ્મ-તીક્ષ્ણ) બુદ્ધિથી જાણવા.

અગ્નિકાયના ભેદો જણાવ્યા સાથે એક ટકોર કરી. અગ્નિકાયના ભેદો સૂક્ષ્મ બુદ્ધિથી જાણવા.શા માટે ? એવી કઇ વિશેષતા છે એમાં ? અહીં અગ્નિ કાયની જ્યાં જ્યાં વિરાધના થાય છે ત્યાં ત્યાં બીજા પણ એકેન્દ્રિયથી પંચેન્દ્રિયના જીવોની વિરાધનાની સંભાવના હોય છે.

સામાન્ય વાત છે, બીડી પીનારે બીડી પીને પાછળનો ઠુઠો ભાગ ફેંકી દિધો. બીડી સળગાવી અગ્નિકાયની વિરાધના થાય... આજુબાજુમાં રહેલી હવાના જીવોને કિલામણા થાય.... એમાં રહેલા સૂક્ષ્મ જીવજંતુઓની વિરાધના સંભવે... બીડી ફેંકતી વખતે સાવધાની ન રાખે તો ઘાસ આદિ બળે... સૂકા ઝાડવા સળગે એમાં નાના મોટા જીવો બળીને મરે... એ માટે જ શાસ્ત્રકાર મહર્ષિઓ અગ્નિકાયની બાબતમાં બુદ્ધિપૂર્વક કામ કરવાની ખાસ ભલામણ કરે છે. અગ્નિ સર્વભક્ષી છે એના સંપર્કમાં જે આવે એને બાળીને રાખ કરે છે. વિદ્યુતમાં પણ જીવ છે. એક કણીયામાં અસંખ્ય જીવ છે. વર્તમાનમાં વિજળીના નિર્માણમાં જીવ વિરાધના છે... વપરાશમાં વિરાધના છે. જયણા ઘણા પાપથી આપણને બચાવે છે.

















## વાયુકાય

અગ્નિકાયના જીવોના સ્વલ્પ પરિચય પછી વાયુકાયને જાણીએ.

**उब्भामग उक्कलिआ, मंडलिमुह सुद्ध गुंजवायाय।**
**घणतणु वायाईया, भेया खलु वाउकायस्स ।।७।।**

**ગાથાર્થ :-** ઉદ્‌ભ્રામક (ઉંચો ચડેતે) વાયુ, ઉક્કલિયા (નીચે પડ) તે ઉત્કલિત વાયુ, માંડલિક (વંટોળીયો) વાયુ, મહાવાયુ, શુદ્ધવાયુ (મંદ મંદ વાય તે) ગુંજારવ કરતો વાયુ, વળી ઘનવાત (ઘાટો વાયુ) તથા તનવાત (પતળો વાયુ) (જેના આધારે નરક અને દેવલોક રહેલા છે તે) આ પ્રમાણે વાયુકાયના ભેદો છે.






વાયુકાયમાં પણ જીવ છે. વાયુ સ્વયં જીવમય છે. એટલે જ પંખાથી હવા કરતાં, હવામાં કપડા સુકવતા, કપડા ઝાટકતા વાયુકાયના જીવોની વિરાધના થાય છે. આ જીવોને અભયદાન આપવા એના ભેદોને જાણી ક્યાં ક્યાં એમની વિરાધના સંભવે એ જાણી એને ટાળવા પ્રયત્ન કરવાનો છે. પેટી વાજો - બંસરી - ફુંકણી વિગેરેના ઉપયોગમાં પણ વાયુકાયની વિરાધના થાય છે.

અહિં એકેન્દ્રિયમાંથી પૃથ્વીકાય, અપકાય, તેઉકાય તથા વાયુકાયના વિવિધ ભેદો જાણી આપણે કાંઇક પરિચય કર્યો. જેમ જેમ એકેન્દ્રિયના આ ભેદોનો ઉંડાણથી વિચાર કરીશું તેમ તેમ આપણને ખ્યાલ આવશે કે શ્રાવકનું જીવન એકેન્દ્રિયની વિરાધના વિના અસંભવિત છે. પરંતુ આ જીવોની જાણકારી પ્રાપ્ત કર્યા બાદ જીવનમાં જયણા... સાવધાની આવી જાય અને આપણું હૃદય એટલું કોમળ બની જાય જેથી થોડી પણ જીવ વિરાધના આપણને અસ્વસ્થબનાવી દે. અંતે સંપૂર્ણ વિરાધનાથી બચવા જીવ અવિરતિમાંથી વિરતિ તરફ દોડી જાય.... દેશવિરતિમાંથી સર્વવિરતિ તરફ પ્રયાણ કરે.

અહિં જીવ-વિચારના અભ્યાસથી જીવનમાં કેવા કેવા સહજ પરિવર્તન શક્ય બની શકે એની થોડી વિચારણા કરીએ.

સોનું-રૂપું વિગેરે પૃથ્વીકાયના કલેવર (મડદા) છે. આ જ્ઞાન સોના-ચાંદિ ઉપરની આસક્તિ-મમતા ઘટાડે. મોહ ઓછો થાય. એના નિમિત્તે થતા કલેશ-કંકાસ ઘટી જાય.





પાણીના એક ટીપામાં અસંખ્ય જીવો છે એની સમજ પાણીનો ઉપયોગ જયણાથી કરતાં શીખવાડે છે. પાણીના જીવો પ્રત્યેનો મૈત્રી ભાવ પાણીના ખોટા વ્યયને અટકાવેછે...અનેકાનેક જીવોને અભયદાન આપે છે.




અગ્નિના એક કણીયામાં પણ અસંખ્ય જીવ છે. આ જ્ઞાન અગ્નિ અને વિજળીનો ઉપયોગ કરતાં વિચાર કરાવે છે. મારા એકના સુખ માટે કેટલા જીવોની વિરાધના કરું ? આ વિચાર વિરાધનાથી પાછો હટાવી આરાધના તરફ આગળ વધારે છે.

વાયુકાયમાં પણ અસંખ્ય જીવો છે. જરાક ગરમી થાય એટલે તરત બટન દબાવીએ છીએ. જેથી અગ્નિકાય એવં વાયુકાયના અસંખ્ય જીવોનો ક્ષણે ક્ષણે વિનાશ થાય છે. જરાક સહન કરવાની આદત પાડીએ તો આ સર્વ જીવોને અભયદાન મળી જાય...

જયણાની અને અભયદાનની વિચારણા હૃદયને વધુ ને વધુ કોમળ બનાવે છે.. સર્વ જીવોને સુખી બનાવવાની ભાવના વધુને વધુ મજબૂત બનતી જાયછે.. આ ભાવના જ્યારે ચરમ સીમાએ પહોંચે ત્યારે પોતાના સુખ કરતાં બીજાના સુખનો વિચાર વધુ સતાવે છે. સર્વ જીવોના સુખની ઉત્કૃષ્ટ ભાવના જ



અંતે કૈવલ્યની કેડી કંડારે છે.

અર્ણિકાચાર્ય નૌકામાં બેસીને ગંગાનદી પાર કરી રહ્યા છે... વચ્ચે મિથ્યાત્વીદેવીએ ઉપસર્ગ કર્યો... આકાશમાં ઉછાળી ત્રિશુલ ઉપર અદ્ધર ઝીલી લીધા... ત્રિશુલની અણી પેટમાં ઘુસી ગઇ... તીવ્ર વેદના થવા લાગી... મોત નજર સામે દેખાવા લાગ્યું... ત્રિશુલથી થયેલ જખમમાંથી લોહીનાં ટીપાં પાણીમાં પડવા લાગ્યા... અર્ણિકાચાર્યને એનો ખ્યાલ આવતાં જ અસ્વસ્થબની ગયા... અરે...રે ! મારા નિમિત્તે... મારા લોહીથી પાણીના અસંખ્ય જીવોની વિરાધના થાય છે... (પાણીમાં કોઇ પણ વસ્તુ નાંખવાથી પાણીના જીવોનું આયુષ્ય પુરું થાય છે. તે જીવો ચ્યવી જાય છે. મીઠું... ખાંડ... લીંબુ વિગેરેના મિશ્રણથી, ઠંડામાં ગરમ પાણી નાખવાથી, એક કુવા કે તળાવનું પાણી બીજા નદી, કુવા કે તળાવમાં નાંખવાથી જીવો ચ્યવી જાય છે.) પોતાના દેહની વેદના કરતાં પાણીના (અપકાયના) જીવોના વિરાધનાની વેદના તીવ્ર બની, સ્વસુખ કરતાં પરસુખ મહત્વનું બન્યું... પાણીના જીવોના શુભ ચિંતનમાં આત્માની અનાદિની મલીનતા દૂર થઇ... શુભ ચિંતન આત્માના શુદ્ધ ચિંતનમાં પરિણમ્યું... ઘાતી કર્મોનો ભુક્કો બોલાયો અને કેવલજ્ઞાનનો સૂર્ય પ્રગટ થયો.

જીવ વિચારના અભ્યાસથી હૃદયને કોમળ બનાવી... મૈત્રી ભાવનાને મજબૂત બનાવી સંસારમાં જયણાની સમૃદ્ધિ પ્રાપ્ત કરી મુક્તિની મંઝિલ તરફ આગળ વધીએ.

## વનસ્પતિ કાય

પૃથ્વીકાય- અપકાય - તેઉકાય - વાયુકાયની વિચારણા બાદ હવે આપણે એકેન્દ્રિયના પાંચમા અને અંતિમ ભેદની સમજણ મેળવવા પ્રયત્ન કરીશું...

**साहारण पत्तेआ, वणसइ जीवा दुहा सुए भणिया।**
**जेसि मणंताणं तणु, एगा साहारणा तेउ ॥ ८ ॥**

**ગાથાર્થ :-** સૂત્રોમાં વનસ્પતિકાયના જીવો સાધારણ અને પ્રત્યેક એમ બે પ્રકારના છે. એક શરીરમાં અનંત જીવો હોય તે સાધારણ વનસ્પતિકાય છે.

સાધારણ વનસ્પતિકાય જ અનંતકાય અને કંદમૂળ આદિના નામથી પણ ઓળખાય છે. સાધારણ વનસ્પતિકાય અભક્ષ્ય શા માટે ?

જીવન જીવવા માટે શરીરને ભોજન આપ્યા વિના ન જ ચાલે. પરંતુ માનવીની દૃષ્ટિ અને પ્રયત્ન એવો જ હોય કે ઓછામાં ઓછા જીવોને તકલીફ આપી ભોજન કરું. સાધારણ વનસ્પતિકાયમાં એક શરીરમાં અનંત જીવો છે. શાસ્ત્રો કહે છે સૂઇના અગ્રભાગ જેટલા સાધારણ વનસ્પતિકાયમાં અનંત જીવો છે. તેથી જો સાધારણ વનસ્પતિકાયનો ખાવામાં ઉપયોગ કરીએ તો પ્રથમ અનંતાનંત જીવોના ઘાતનું પાપ લલાટે લખાય. હિંસાનો દોષ લાગે. અનંતકાયના ભક્ષણથી ધીરે ધીરે હૃદયમાંથી... જીવનમાંથી જીવદયાના પરિણામ વિદાય લેતા જાય અને તેથી હૃદય કઠોર બનતું જાય.

કેટલીક સાધારણ વનસ્પતિકાયના સેવનથી પ્રકૃતિ તામસિક બને છે. કાંદા-લસણ વિગેરે ખાવાથી જીવનમાં ક્રોધનું પ્રમાણ વધતું જાયછે.

વધારે પડતા બટાટા, સુરણ, બીટ આદિના સેવનથી જ્ઞાનતંતુઓ જડ થતા જાય છે.

આ બધા કારણોથી જ શાસ્ત્રકાર મહર્ષિઓએ સાધારણ વનસ્પતિકાયને અભક્ષ્ય જણાવી ત્યાજ્ય કહી છે. છોડવા યોગ્ય કહી છે.

**સાધારણ વનસ્પતિકાયમાં શું શું આવે ?**

સાધારણ વનસ્પતિકાયનો સામાન્ય પરિચય કરાવી એને અભક્ષ્ય ગણાવી. પરંતુ આ સાધારણ વનસ્પતિકાયમાં શેનો શેનો સમાવેશ થાય ? આ વાત અહીં વિસ્તારથી કહે છે-

कंदा अंकुर किसलय, पणगा सेवाल भूमिफोडाय।
अल्लयतिय गज्जर, मोत्थ वत्थुला थेग पल्लंका ॥९॥
कोमल फलं च सव्वं, गूढ सिराइं सिणाइपत्ताइं ।
थोहरि कुंआरि गुग्गुलि, गलोय पमुहाय छिन्नरुहा ॥१०॥
इच्चाइणो अणेगे, हवंति भेया अणंतकायाणं ।
तेसिं परिजाणणत्थं, लखणमेय सुए भाणियं ॥११॥

**ગાથાર્થ :-** કંદમૂળ, ફણગા, કુંપલો, પાંચ વર્ણની શેવાળ, બિલાડીના ટોપ, આર્દકત્રિક (આદુ, હળદર અને કચુરો), ગાજર, મોથ, વત્થુલો, થેગ, પલ્લંકા (પાલક), સર્વ જાતિના કોમળ ફળ, જેમાં બીજ ન થયાં હોય, જેની કણસણો-નસો વગેરે છાની હોય તે તથા શણ વગેરેના પાંદડા, થોરની જાત, કુંવાર, ગુગલીવૃક્ષ, ગળો પ્રમુખ જે છેદિને વાવવાથી ઉગે તે સર્વ અનંતકાય છે. આ અનંતકાયના ભેદોને વિશેષથી જાણવા માટે તેના લક્ષણ સૂત્રમાં કહ્યા છે.






વનસ્પતિકાયના મુખ્ય સાધારણ અને પ્રત્યેક એવા બે ભેદ બતાવીને પૂ. શાંતિસૂરિજી મહારાજાએ સાધારણ વનસ્પતિકાયમાં આવતા વિવિધ અનંતકાયના નામો જણાવી ૩૨ અનંતકાયનો પરિચય કરાવ્યો. હવે આપણી જાણકારી માટે આપણી સમક્ષ સાધારણ વનસ્પતિકાય તથા પ્રત્યેક વનસ્પતિકાયના લક્ષણ જણાવે છે.

गूढ सिर संधिपव्वं, समभंग, महिरुगं च छिन्नरुहं ।
साहारण शरीरं, तव्विवरीयं च पत्तेयं ॥ १२ ॥

**ગાથાર્થ :-** જેનાં (સીર) કણસલાં, સાંધા (નસો), ગાંઠા વિગેરે ગુપ્ત (છાના) હોય, ભાંગવાથી જેનાં બે સરખા ભાગ થાય, તથા જેમાં તાંતણા ન હોય, તથા છેદીને વાવીએ તો ફરી ઉગે. તેને સાધારણ વનસ્પતિકાય કહેવામાં આવે છે. તેથી વિપરીત લક્ષણવાળાને પ્રત્યેક વનસ્પતિકાય કહેવામાં આવે છે.

સામાન્ય વિશ્વમાં જે વૃક્ષો આપણી નજર સામે આવે છે એ ઝાડના પાંદડા વિગેરેમાં સ્પષ્ટ સીરો-નસો દેખાય છે. જ્યારે (અનંતકાય) સાધારણ વનસ્પતિકાયમાં એ જોવા ન મળે. વાંસ, શેરડી વગેરેની ગાંઠો સ્પષ્ટ જાણી શકાય છે. પરંતુ સાધારણ વનસ્પતિકાયમાં ગુપ્ત હોય છે.

સામાન્ય વૃક્ષના ફળ-મૂળ આદિમાં તાંતણા હોય પરંતુ બટાટા, કાંદા, બીટ વિગેરે સાધારણ વનસ્પતિકાયમાં તાંતણા નથી હોતા.

અનંતકાયરુપ વનસ્પતિને તોડવી હોય તો એના ધાર્યા બે કટકા સહજતાથી સંભવી શકે પરંતુ પ્રત્યેક વનસ્પતિકાયમાં એ શક્ય ન હોય.

સાધારણ વનસ્પતિકાયનો નાનો ટુકડો પણ વાવવાથી ફરી ઉગે છે જ્યારે પ્રત્યેક વનસ્પતિકાયમાં આવું બનતું નથી. દા. ત. પાનફુટીના પાંદડા, બટાટાનો આંખનો ભાગ વિગેરે વાવવાથી ઉગે છે.

એવી રીતે સાધારણ વનસ્પતિકાયના લક્ષણો ઉપરથી આપણે તપાસ કરીને એમને જુદા તારવી શકીએ.

સાધારણ વનસ્પતિકાયના લક્ષણ બતાવી પ્રત્યેક વનસ્પતિકાયના એનાથી વિપરીત છે એમ જણાવ્યું. તેથી પ્રત્યેક વનસ્પતિકાયના લક્ષણ નીચે મુજબ કહી શકાય-

* જેના (સીર) કણસલો, સાંધા (નસો) ગાંઠો વગેરે છાનું ન હોય પણ દેખાતા હોય છે.
* ભાંગવાથી જેના બે સરખા ભાગ ન થતા હોય.
* જેમાં તાંતણા હોય તથા
* જે છેદીને વાવીએ તો ફરી ન ઉગે.

આ પ્રત્યેક વનસ્પતિકાયની વિશેષતાઓ જણાવતા કહે છે-




एग सरीरे एगो जीवो जेसिं तु तेय पत्तेया ।
फल फूल छल्लि कट्ठा, मूलग पत्ताणि बीयाणि ॥१३॥




**ગાથાર્થ :-** એક શરીરને વિષે એક જીવ (વૃક્ષ આદિને) જેને હોય તેને પ્રત્યેક વનસ્પતિકાય કહેવાય છે. ફળ, ફુલ, છાલ, થડ, મૂળ, પાંદડા, તથા બીજ પ્રત્યેક વનસ્પતિ કાય છે.

અહીં પ્રત્યેક વનસ્પતિકાયની સમજણ આપીને એક વૃક્ષમાં સાત સ્થાનમાં જુદા જુદા જીવ હોય છે એ વાતને સ્પષ્ટ કરે છે.

એક વૃક્ષ લઈએ તો એના ફળમાં જુદો જીવ છે... ફુલમાં જુદો જીવ છે... થડમાં, મૂળમાં, પાંદડામાં, છાલમાં તથા બીજમાં જુદા જુદા જીવ છે.

વૃક્ષપર જેટલા પાંદડા એ દરેક પાંદડાનો જીવ જુદો છે... જેટલા ફળ એટલા જીવ જુદા છે... એક ફળનો જીવ તથા એ ફળમાં જેટલા બીજ હોય એટલા જુદા જીવ હોય છે. એમ વિચાર કરતાં એક વૃક્ષના વિવિધ સ્થાનમાં વિવિધ જીવ છે પરંતુ પ્રત્યેક જીવનું પોતાનું શરીર જુદું છે તેથી તે પ્રત્યેક વનસ્પતિકાય કહેવાય છે.

**સૂક્ષ્મ જીવો ચૌદ રાજલોકમાં ભરેલા છે -**

આપણને આપણી આજુબાજુ કશું જ દેખાતું નથી. અવકાશ ખાલી જગ્યા જ દેખાય છે. ત્યારે જ્ઞાની ભગવંતો આપણી ભ્રમણાને ભાંગતા આપણી ચારે બાજુ સૂક્ષ્મજીવોની હાજરી સૂચવે છે. આ વાતને આજે વિજ્ઞાન પણ સ્વીકારે છે. પૂ. શાંતિસૂરિ મ. શું કહે છે ? સમજવાનો પ્રયત્ન કરીએ-

**पत्तेय तरुमुत्तं, पंचवि पुढवाइणो सयललोए ।**
**सुहुमा हवंति नियमा, अंतमुहुत्ताउ अदिस्सा ॥१४॥**

ગાથાર્થ :- પ્રત્યેક વનસ્પતિકાયને મૂકીને પાંચે પૃથ્વીકાયાદિ સકળ લોકને વિષે નિશ્ચે કરી સૂક્ષ્મ હોય છે... અંતર્મુહૂર્તના આયુષ્યવાળા અને અદૃશ્ય હોય છે.

પ્રત્યેક વનસ્પતિકાય બાદર જ છે. જોઇ શકાય એવું છે. આ પ્રત્યેક વનસ્પતિકાયને છોડીને બાકી રહેલા એકેન્દ્રિય જીવોની વાત જણાવતાં કહે છે કે પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, તથા સાધારણ વનસ્પતિકાયના સૂક્ષ્મજીવો ચૌદ રાજલોકમાં ભરેલા છે અને તે અદૃશ્ય હોવાથી આપણે ચર્મ ચક્ષુથી જોઇ શકતા નથી. આપણી આજુ બાજુ બધી જગ્યાએ આ સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો ભરેલા છે અને એમનું વધારેમાં વધારે (ઉત્કૃષ્ટ) આયુષ્ય એક અંતર્મુહૂર્ત જ છે.

જીવ વિચારની ચૌદ ગાથા દ્વારા આપણે જીવના સ્થાવર અને ત્રસ એવા ભેદ જાણ્યા પછી સ્થાવર જીવોના વિવિધ ૬ ભેદ જોયા. આ છ ભેદ નીચે મુજબ છે (૧) પૃથ્વીકાય (૨) અપકાય (૩) તેઉકાય (૪) વાયુકાય (૫) સાધારણ વનસ્પતિકાય અને (૬) પ્રત્યેક વનસ્પતિકાય.



આ છ ભેદમાંથી પ્રત્યેક વનસ્પતિકાય બાદર જ છે જ્યારે પ્રથમ પાંચ ભેદ બાદર અને સૂક્ષ્મ એમ બે પ્રકારના છે. તેથી સ્થાવરના સૂક્ષ્મ તથા બાદર મેળવીને ૧૧ (અગ્યાર) ભેદ થાય છે. આ અગ્યારના આગળ પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ બે બે ભેદ થતાં કુલ મળીને સ્થાવર જીવોના ભેદ ૨૨ (બાવીશ) થાય છે.

## સ્થાવરના ૨૨ ભેદનું કોષ્ટક

| | | | |
|---|---|---|---|
| ૧ સૂક્ષ્મ પૃથ્વીકાય પર્યાપ્તા | ૫ સૂક્ષ્મ અપ્કાય પર્યાપ્તા | ૯ સૂક્ષ્મ તેઉકાય પર્યાપ્તા | ૧૩ સૂક્ષ્મ વાયુકાય પર્યાપ્તા |
| ૨ સૂક્ષ્મ પૃથ્વીકાય અપર્યાપ્તા | ૬ સૂક્ષ્મ અપ્કાય અપર્યાપ્તા | ૧૦ સૂક્ષ્મ તેઉકાય અપર્યાપ્તા | ૧૪ સૂક્ષ્મ વાયુકાય અપર્યાપ્તા |
| ૩ બાદર પૃથ્વીકાય પર્યાપ્તા | ૭ બાદર અપ્કાય પર્યાપ્તા | ૧૧ બાદર તેઉકાય પર્યાપ્તા | ૧૫ બાદર વાયુકાય પર્યાપ્તા |
| ૪ બાદર પૃથ્વીકાય અપર્યાપ્તા | ૮ બાદર અપ્કાય અપર્યાપ્તા | ૧૨ બાદર તેઉકાય અપર્યાપ્તા | ૧૬ બાદર વાયુકાય અપર્યાપ્તા |

| |
|---|
| ૧૭ સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય પર્યાપ્તા |
| ૧૮ સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય અપર્યાપ્તા |
| ૧૯ બાદર સાધારણ વનસ્પતિકાય પર્યાપ્તા |
| ૨૦ બાદર સાધારણ વનસ્પતિકાય અપર્યાપ્તા |

| |
|---|
| ૨૧ બાદર પ્રત્યકે વનસ્પતિકાય પર્યાપ્તા |
| ૨૨ બાદર પ્રત્યકે વનસ્પતિકાય અપર્યાપ્તા |

## પર્યાપ્ત-અપર્યાપ્ત

હવે આપણે પર્યાપ્ત અને અપાર્યપ્ત એટલે શું તે જાણીએ.
પોતાને યોગ્ય પર્યાપ્તિ પુરી કરે તે જીવ પર્યાપ્ત કહેવાય અને પોતાને યોગ્ય પર્યાપ્તિ પૂરી ન કરે તે જીવ અપર્યાપ્ત કહેવાય છે.

**आहार शरीर इंदिय, पज्जत्ती, आणपाण भास मणे ।**
**चउ पंच पंच छप्पिय, इग विगला सन्निसन्नीणं ॥** (નવતત્વ-૬)

પર્યાપ્તિ એટલે શક્તિ. આ પર્યાપ્તિ છ છે... તે નીચે મુજબ જાણવી -

૧. આહાર પર્યાપ્તિ ૨. શરીર પર્યાપ્તિ ૩. ઈન્દ્રિય પર્યાપ્તિ ૪. શ્વાસોશ્વાસ પર્યાપ્તિ ૫. ભાષા પર્યાપ્તિ ૬ મન પર્યાપ્તિ....

જીવ જ્યાં જાય છે ત્યાં પ્રથમ આહાર ગ્રહણ કરે છે. આહાર યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને એને ખલરસ આદિમાં પરીણમાવવાની શક્તિ તે **આહાર પર્યાપ્તિ છે**...

આહાર લીધા પછી એના દ્વારા જીવ શરીર બનાવે છે. શરીર યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને એને લોહી આદિમાં પરીણમાવવાની શક્તિ તે **શરીર પર્યાપ્તિ** છે.

શરીર બન્યા પછી જીવ ધીમે ધીમે ઈન્દ્રિય બનાવે છે... ઈન્દ્રિય યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને ઈન્દ્રિય રૂપે પરીણમાવવાની શક્તિ તે **ઈન્દ્રિય પર્યાપ્તિ**.

ઈન્દ્રિયો આદિ બનાવ્યા પછી જીવ શ્વાસોશ્વાસની પ્રક્રિયા શરૂ કરે છે... શ્વાસોશ્વાસ યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરી શ્વાસોશ્વાસ રૂપે પરીણમાવવાની શક્તિ તે **શ્વાસોશ્વાસ પર્યાપ્તિ** છે.




ભાષા વર્ગણાના પુદ્ગલોને બાહ્ય વાતાવરણમાંથી ગ્રહણ કરી ભાષા રૂપે પરીણમાવવાની શક્તિ તે **ભાષા પર્યાપ્તિ** છે.

મનો વર્ગણાના પુદ્ગલોને બાહ્ય વાતાવરણમાંથી ગ્રહણ કરી એને વિચાર રૂપે પરીણમાવવાની શક્તિ તે **મન પર્યાપ્તિ** છે.

એકેંન્દ્રિય જીવોને પ્રથમ ચાર પર્યાપ્તિ હોય છે.. વિકલેન્દ્રિયને પાંચ, અસંજ્ઞી પંચેન્દ્રિયને પાંચ અને સંજ્ઞી પંચેન્દ્રિયને છ પર્યાપ્તિ હોય છે.

## ત્રસકાય

આવા પ્રકારે સ્થાવર જીવોના બાવીસ ભેદોનો વિસ્તારથી વિચાર કરી હવે આપણે ત્રસ જીવોનો વિચાર કરીશું.

જયણા એજ જીવન છે. જયણા પાલન માટે જીવ ક્યાં ક્યાં છે ? એને કેવી રીતે બચાવી શકાય છે એ બધું જાણવું ઘણું જ અગત્યનું છે. શ્રાવકનું જીવન એકેન્દ્રિયો ઉપર આધારીત છે એટલે એમના ઉપયોગ વગર ન ચાલે પરંતુ ત્યાં સાવધાની હોય તો ઓછા જીવોની વિરાધનાથી જીવન જીવી શકાય અને વધુને વધુ જીવોને અભયદાન આપી શકાય. એવા એકેન્દ્રિય પૃથ્વીકાય... અપકાય... તેઉકાય... વાયુકાય.. અને વનસ્પતિકાય વિગેરે જીવોને જાણ્યા પછી હવે આપણે આગળ વધીએ.

વિશ્વના ચોગાનમાં એકેન્દ્રિય જીવોને બાદ કરીએ તો આપણી સામે વિવિધ પ્રકારના હાલતા ચાલતા જીવો આવે.

કીડીથી માંડીને હાથી સુધી અને મચ્છરથી માંડીને મોટા-મોટા મગરમચ્છસુધીના જીવોનો આમાં સમાવેશ થાય છે.

ચાલો ! આવા જીવોને જાણીને એમને પણ અભયદાન આપવા પ્રયાસ કરીએ કારણ **અભયદાન બધા જ દાનોનો રાજા છે.**

અભયદાનને આદરનાર-આચરનાર સ્વયં પૂજ્ય બને છે.. અનેકોને પૂજ્ય બનાવે છે.

સ્વ ઈચ્છાથી એક સ્થાનેથી બીજા સ્થાને જઈ શકે એવા હાલતા-ચાલતા જીવોને ત્રસ જીવો કહેવામાં આવે છે. આ ત્રસ જીવોના ચાર પ્રકાર છે-

**૧. બેઈન્દ્રિય જીવો** - સ્પર્શેન્દ્રિય અને રસનેન્દ્રિય આ બે ઈન્દ્રિયવાળા જીવોનો આમાં સમાવેશ થાય છે.



**૨. તેઈન્દ્રિય જીવો :** સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય તથા ઘ્રાણેન્દ્રિય આ ત્રણ ઈન્દ્રિયવાળા જીવોનો આમાં સમાવેશ થાય છે...

**૩. ચઉરિન્દ્રિય જીવો :** સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય તથા ચક્ષુરિન્દ્રિયવાળા જીવોનો આમાં સમાવેશ થાય છે..

**૪. પંચેન્દ્રિય જીવો :** સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય તથા ચક્ષુરિન્દ્રિય તથા શ્રોતેન્દ્રિયવાળા જીવોનો આમાં સમાવેશ થાય છે.

હવે આપણે આ જીવોને વિસ્તારથી જાણીશું.

## બે ઈન્દ્રિય

शंख कवड्डय गंडुल जलोय, चंदणग अलस लहगाइ ।
मेहरि किमि पूअरगा, बेइंदिय माइवाहाइ ॥१५॥

**ગાથાર્થ :-** શંખ, કોડા, ગંડોલા, જળો ચંદનક,અળશિયા, લાળિયા જીવ (વાસી રોટલા વગેરેમાં ઉત્પન્ન થતાં જીવ) મેર (લાકડાના કીડા) કૃમિ, પોરા, ચુડેલ વગેરે બે ઈન્દ્રિય જીવ જાણવા.




જીવ-વિચાર શીખીને જીવોની જયણા પાળવાની છે. ચુલે ચઢાવેલી કોઈ પણ નરમ વસ્તુમાં રાત ઓળંગતા બે ઈન્દ્રિય લાળિયા જીવ ઉત્પન્ન થાય છે. તેથી જ વાસી ચીજ અભક્ષ્ય ગણાય છે. આપણા નિત્ય જીવનમાં આવા પ્રકારની જીવ-વિરાધના ટાળવાની છે. એટલે એનો ત્યાગ જ કરવો યોગ્ય છે.

એજ પ્રકારે 'ચલિત રસ' થયેલ દરેક વસ્તુ પણ અભક્ષ્ય છે એમાં પણ બે ઈન્દ્રિય જીવો ઉત્પન્ન થાય છે. **'ચલિત રસ'**

એટલે જે ખાદ્ય પદાર્થના સ્વાદમાં ફરક થઇ ગયો હોય તે; અથવા જેના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ બદલાઇ ગયા હોય તે. ઘરમાં બનાવેલી નાસ્તા માટેની કડક ખાદ્ય સામગ્રીમાં પણ વાસ આવતાં... સ્વાદ બદલાઇ જતાં બે ઈન્દ્રિય જીવો ઉત્પન્ન થાય છે... એનાથી પહેલા વસ્તુ વાપરી  નાખવી જોઇએ. જયણાને જીવન મંત્ર બનાવવો જોઇએ..

એવા જ પ્રકારે ''બોળ અથાણાં'' એટલે તડકામાં બરાબર ન સુકાવેલા... તથા જેની ઉપર ચાર આંગળી તેલ નથી એવાં અથાણામાં બે ઈન્દ્રિય જીવોની ઉત્પત્તિ થાય છે તેથી તે પણ અભક્ષ્ય બને છે.

જૈન દર્શનમાં જમ્યા પાછી થાળી ધોઇને પીવાનો રીવાજ છે એની પાછળ પણ જીવદયાનું રહસ્ય  છુપાયેલું છે. કોઇ પણ આહાર-પાણી આપણે એઠાં કર્યા હોય તો એમાં અડતાલીસ મિનિટ પછી લાળિયા જીવો ઉત્પન્ન થાય છે આ જીવો પણ બે ઈન્દ્રિય જીવો છે. આવા અનેક જીવોની હિંસા આપણને લાગે છે. આથી બચવા માટે જમણ, એકાસણું, આયંબીલ વગેરે અડતાલીસ મિનિટમાં પતાવી લેવું તથા થાળીમાં કાંઇ પણ એઠું છોડવું નહીં, એથી જયણાનું પાલન થાય છે.

કાચું દુધ, દહિં કે છાસ કઠોળ સાથે ભેળવતાં વિદળ થાય છે. એમાં પણ બેઈન્દ્રિય જીવો ઉત્પન્ન થાય છે. ધર્મને જાણનાર શ્રાવક શ્રાવિકાએ વિદળ ન થાય એની કાળજી રાખવી જોઇએ.

કઢી બનાવતા કે ઢોકળાં વગેરેનો આથો આવતાં પૂર્વે છાસને બરાબર ગરમ કરવી જરૂરી છે. આપણા નિત્ય-રોજીંદા વ્યવહારમાં પણ કાચી છાસ-દહીનો ઉપયોગ ન થાય તેની કાળજી રાખવી જોઇએ... એ માટે નીચેની બાબતો ધ્યાનમાં લેવી-

૧. ખિચડી ને કાચી છાસ ન ખવાય.
૨. મેથીના પાંદડાવાળા થેપલા ને કાચી દહિં ન વપરાય.
૩. દાળ-ભાતમાં કાચું દહિં ન નંખાય.
૪. દહિં બરાબર ગરમ કર્યા વગર દહિં વડા ન બનાવાય.
૫. શ્રીખંડના જમણમાં કોઇ પણ કઠોળનો કયાં પણ ઉપયોગ ન કરાય.

બેઈન્દ્રિય જીવોનો વિસ્તારથી વિચાર કરીને હવે આપણે તેઈન્દ્રિય જીવોની વિચારણા કરીએ...

## તેઈન્દ્રિય

गोमी मंकड जूआ, पिपीलि उद्देहिया य मक्कोडा ।
इल्लिय घय मिल्लीओ, सावय गोकीड जाइओ ॥१६॥
गद्दहय चोरकीडा, गोमयकीडाय धन्नकीडा य ।
कुंथु गोवालिय इलिया, तेंइदिय इंद गोवाइ ॥१७॥

**ગાથાર્થ :-** કાનખજૂરા, માંકડ, જૂ, કીડીઓ, ઊધઇ, મંકોડા, ધાન્યની ઇયળ, ઘીમેલો, સાવા (વાળમાં ઉત્પન્ન થાય તે), ગોકીટક, અથવા ચિચ્ચડી, ઉતિંગા, વિષ્ટાના કીડા, છાણના કીડા, અનાજના કીડા, કંથુઆ, ગોપાલિકો, ઇયળો ઇન્દ્રગોપ, આદિ તેઈન્દ્રિય જીવો છે...




મંકોડો


ઉધઇ


જૂ


કીડી

જીવ-વિચારનો અભ્યાસ કરતાં આપણને ખ્યાલ આવે કે નાના દેખાતા માંકડ... કીડી અને કુંથુઆ વગેરે પણ તેઈન્દ્રિય જીવો છે. એમનામાં પણ આપણા જેવો જ આત્મા છે... સુખ અને દુઃખની લાગણી છે... આપણી જેમજ એ સુખને ઇચ્છે છે અને દુઃખથી દૂર થવા પ્રયત્ન કરે છે... એમને બધાને સુખ આપવાથી આપણને સુખ મળે છે... દુઃખ આપવાથી દુઃખ મળે છે...  પાયાનું જ્ઞાન મળતાં શ્રાવક-શ્રાવિકાનું પ્રથમ કર્તવ્ય થઇ જાય છે કે આવા જીવોની ઉત્પત્તિ જ ન થાય એ માટે સાવધાની રાખવી જોઇએ. કારણ કે આ જીવોની ઉત્પત્તિ થયા પછી જયણા પાળવી વધારે મુશ્કેલ બની જાય છે. આવા જીવોની ઉત્પત્તિ ન થાય એ માટે સ્વચ્છતા અનિવાર્ય બની જાય છે.

મોટો બંગલો બનાવ્યા પછી સ્વચ્છતા ન રાખીએ... યોગ્ય કાળજી ન રાખીએ તો કાનખજૂરા વગેરે જીવોત્પત્તિની સંભાવના રહે છે.

ફર્નીચર વસાવ્યા પછી જો સાફસૂફી ન જળવાય તો એમાં માંકડ... ઉધઇની ઉત્પત્તિ સંભવિત બને છે.

વાળની યોગ્ય માવજત ન કરવામાં આવે તો એમાં જૂ પડવાની શક્યતા નકારી શકાતી નથી.

અનાજનો સંગ્રહ કર્યા પછી જો સાવધાની ન રાખવામાં આવે તો એમાં ઇયળ... ધનેરાં તથા અન્ય અનાજના કિડા થાય છે...

ઘી ને બરાબર તપાવીને રાખવામાં ન આવે... યોગ્ય સમયમાં એને ઉપયોગમાં લેવામાં ન આવે તો ઘીમાં પણ એનાજ વર્ણની બારીક ઇયળો થાય છે (ઘીમેલો)...

શાસ્ત્રકારોએ શિયાળા સિવાય મેથી-કોથમરી વગેરે અભક્ષ્ય કહ્યા... છતાં એને ખાવાની લાલસા આપણને સુકોત્રી... આ પાંદડાને સુકાવીને ઉનાળા વગેરેમાં વાપરવાની પ્રેરણા કરે છે. પણ આ મેથી વગેરેના સુકાવેલા પાંદડામાં નાનાસૂક્ષ્મ કંથુઆ જીવો નિર્માણ થાય છે. તેથી આવી સુકોત્રીનો પણ ત્યાગ જ કરવો રહ્યો.

આવા પ્રકારે દરરોજના જીવનમાં થતી જીવ-વિરાધનાને સમજીને એનાથી પાછા હટવા ઉદ્યમશીલ બનવું જોઇએ. આવી જીવોત્પત્તિ જ ન થાય એ માટે પ્રયાસ કરવા જોઇએ. કદાચ જીવોત્પત્તિ થઇ જ જાય તો ઘણી જ સાવધાની રાખીને વધારે ને વધારે જીવોને અભયદાન મળે એ હેતુથી યોગ્ય પ્રવૃત્તિ અને ઉપાય કરવો જોઇએ.

આ જીવોનો નાશ કરનાર કોઇ પણ જંતુનાશકનો ઉપયોગ શ્રાવકના ઘરમાં ન જ થવો જોઇએ. જંતુનાશકનો ઉપયોગ આપણા આત્માને કઠોર બનાવે છે... કરુણાનો ઘાત કરે છે... પાપના ઢગલા વધારીને દુઃખ અને દૂર્ગતિ તરફ દોરી જાય છે.

## ચઉરિન્દ્રિય

બે અને ત્રણ ઇન્દ્રિયવાળા જીવોનો પરિચય મેળવ્યા પછી આવો આપણે ચઉરિન્દ્રિય જીવોને જાણીએ -

**चउरिंदियाय विच्छु, ढिंकुण भमराय भमरिया तिड्डा।**
**मच्छिय डंसा मसगा, कंसारी कविल डोलाई ॥१८॥**

**ગાથાર્થ :-** વીંછી, બગાઇ, ભમરા, ભમરી, તીડ, માંખી, ડાંસ, મચ્છર, કંસારી, કપિલ તથા ખડમાંકડી આ ચઉરેન્દ્રિય જીવો છે.




ઉપર જણાવેલ ચઉરેન્દ્રિય જીવોની પણ બે ઇન્દ્રિય અને તેઇન્દ્રિય જીવોને જેમ જયણા પાળવાની સાથે સાથે આપણો આત્મા આવા બધા જીવાયોનિમાં અનંતીવાર જન્મ-મરણ કરી ચૂક્યો છે. એટલે જ તો કહ્યું છે -

**न स जाइ, नस सा जोणी, न तं ठाणं, न तं कुलं।**
**न जाया न मुआ जत्थ, सव्वे जीवा, अणंतसो ॥**

એવી કોઇ જાતિ નથી... એવી કોઇ યોની નથી.. એવું કોઇ સ્થાન નથી... એવું કોઇ કુળ નથી, જ્યાં સર્વ જીવો અનંતીવાર જન્મ્યા ન હોય... અને મર્યા ન હોય.

આપણો આત્મા નિગોદથી માંડીને સૂક્ષ્મ એકેન્દ્રિય... બાદર એકેન્દ્રિય... બે ઇન્દ્રિય... તે ઇન્દ્રિય.. ચઉરિન્દ્રિય આદિમાં અનાદિ કાળથી ભટકતો રહ્યો છે. ક્યાંક અકામ નિર્જરાથી વર્તમાનમાં એને પંચેન્દ્રિયપણું... મનુષ્યભવ અને આવી સૂક્ષ્મ સમજણ આપતું પરમાત્માનું શાસન મળેલું છે. તો આ ભવમાં જાગીને ભવભ્રમણને ભાંગવા માટેનો પુરૂષાર્થ આદરવો જોઇએ; જેથી ફરી આવી ગતિઓમાં એને ભમવું ન પડે. જીવોના પ્રકાર... ભેદ પ્રભેદ... જીવનું પરિભ્રમણ.. આ બધાનો જો ઉંડાણથી વિચાર કરવામાં આવે તો જીવનમાં વૈરાગ્ય... ભવનિર્વેદ... આદિ ગુણોની પ્રાપ્તિ થાય. અને જીવદયા જયણા આદિમાં વૃદ્ધિ થાય... આત્મા ધર્માભિમુખ બને છે. જીવદયાના સાચા પરિણામ વગર જીવનમાં સાચી શાંતિ અસંભવિત છે. જેઓ પણ આત્મકલ્યાણને સાધી શક્યા છે... એમણે જીવદયાને પ્રાણથી અધિક મહત્વ આપ્યું છે.

એક નગરીમાં બ્રાહ્મણ પુત્ર... ભણવામાં ઘણો હોશિયાર છે.. કાશી જઇને વિદ્યામાં પારગામી બને છે... આટલો વિદ્વાન પંડિત હોવા છતાં જ્યાં ત્યાં એને અપયશ મળે છે... કોઇ કાર્યમાં યશ મળતું નથી. કંટાળી જાય છે... ત્રાસી ઉઠે છે.



એકદા જ્ઞાની મુનિરાજ મળી જતાં પ્રશ્ન પૂછે છે. ''આટલી વિદ્વતા હોવા છતાં અપયશનું કારણ શું ?''

જ્ઞાની ભગવંત જવાબ આપતાં જણાવે છે - ''હે વત્સ ! પૂર્વ ભવમાં તે સંયમનો સ્વીકાર કર્યો હતો... પણ જીવદયાના સુંદર પરિણામોને આત્મસાત્ ન કરવાથી તું શિથિલાચારી બન્યો. જેને પરિણામે આ ભવમાં વિદ્યા પામ્યો પણ અપયશ મળે છે. ફરી સંયમ લઇને રોમે રોમે જીવદયાને વસાવી લે, તારું અપયશ.. મહાયશમાં ફેરવાઇ જશે.''

કેવી અદ્ભૂત મહિમા છે જીવદયાનો !

જ્ઞાની ગુરુ ભગવંતની વાણી સાંભળી પોતાનો પૂર્વભવ જાણી... વૈરાગ્ય પામી આ બ્રાહ્મણ પુત્રે સંયમનો સ્વીકાર કર્યો. જયણા અને જીવદયાને જીવનમંત્ર બનાવ્યો. સૂક્ષ્મમાં સૂક્ષ્મ જંતુના પણ જીવનનો વિચાર કરવા લાગ્યા એમના અદ્ભૂત સંયમ પાલનથી ઇન્દ્ર મહારાજાએ દેવલોકમાં પ્રશંસા કરી.

માનવીની ઇન્દ્રમુખે થતી પ્રશંસાથી ઇર્ષ્યા પામેલા એક દેવે મુનિરાજને જીવદયાના ભાવથી પતિત કરવાની પ્રતિજ્ઞા લીધી અને તેઓ આ ધરતી ઉપર પધાર્યા.. ધ્યાનસ્થ દશામાં ઉભેલા મુનિરાજ પાસે આ દેવ હાથીનું રૂપ લઇને આવ્યા. સુંઢમાં પકડીને ગોલ ગોલ ફેરવીને આકાશમાં ઉછાળ્યો... આકાશમાં ઉછળી રહેલા મુનિરાજ નીચે પછડાતાં મારું શું થશે ? એનો વિચાર કરવાને બદલે મારા નીચે પછડાતા શરીર નીચે કેટલાય નિર્દોષ જીવો કચડાઇ જશે ? એની વિચારણા કરવા લાગ્યા... એમની વેદનાનો વિચાર કરતાં આંખો ભીની ભીની બની ગઇ... પોતાની વેદના ભૂલી ગયા...

અવધિજ્ઞાનથી મુનિરાજની આવી અલૌકિક જીવદયાની વિચારણા જાણીને દેવ મુનિરાજના ચરણોમાં નમીને માફી માંગે છે... ક્ષમાની યાચના કરી.. એમના જીવદયા પરિણામની ઘણી ઘણી પ્રશંસા...અનુમોદના કરી સ્વસ્થાને જાય છે... મુનિરાજ આત્મકલ્યાણ સાધે છે.

જીવ-વિચારના અભ્યાસ દ્વારા જીવદયાના આવા પરિણામ આપણા હૃદયમાં પ્રગટે... જીવ-વિરાધનાથી આત્મામાં ભય... ધ્રુજારી નિર્માણ થાય. સર્વ જીવોના સુખની સુંદર ભાવના વૃદ્ધિગંત થાય. પ્રાણના ભોગે પ્રાણીને બચાવવાની, જીવના ભોગે જીવોને અભયદાન આપવાની અણમોલ વિચારણા આપણા રોમ રોમમાં વ્યાપી જાય એ જ જીવ-વિચાર ભણ્યાનું જાણ્યાનું સાચું ફળ છે.

આ બેઇન્દ્રિયથી માંડી ચઉરેન્દ્રિય સુધીના તમામ જીવો વિકલેન્દ્રિય કહેવાય છે. વિકલ = ઓછી. બધી મળીને કુલ પાંચ ઇન્દ્રિયો છે. એથી એકાદ પણ ઇન્દ્રિય ઓછી જે જીવને હોય છે તે જીવ વિકલેન્દ્રિય કહેવાય છે.

## વિકલેન્દ્રિયનાં ૬ ભેદ

| | | |
|---|---|---|
| ૧. બાદર બેઈન્દ્રિય પર્યાપ્ત | ૩. બાદર તેઈન્દ્રિય પર્યાપ્તા | ૫. બાદર ચઉરિન્દ્રિય પર્યાપ્તા |
| ૨. બાદર બેઈન્દ્રિય અપર્યાપ્ત | ૪. બાદર તેઈન્દ્રિય અપર્યાપ્તા | ૬. બાદર ચઉરિન્દ્રિય અપર્યાપ્તા |

જ્યારે દુનિયામાં હિંસાનું તાંડવ નૃત્ય ચાલે છે.. ઇંડાને શાકાહારી જણાવીને પ્રચાર કરીને... એને ખવડાવવા યુવાનોને લલચાવી રહ્યા છે... માંસાહારી હોટલો દિવસે દિવસે વધી રહી છે.. આવા સમયે જીવ-વિચારનું જ્ઞાન અતિ આવશ્યક બની જાય છે.. આપણે એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિયની વિચારણા કરી લીધી હવે આપણે પંચેન્દ્રિય જીવોનો વિચાર કરવાનો છે.. પંચેન્દ્રિય જીવોમાં ચારે ચાર ગતિના જીવોનો સમાવેશ થાય છે... નારકીના જીવો... તિર્યંચગતિના જીવો... મનુષ્યગતિના જીવો એવમ્ દેવગતિના જીવો..

આ ચાર ગતિના જીવોમાં આજે જેઓ સતત દુઃખમાં રીબાઇ અને પીડાઇ રહ્યા છે.... ક્રુર અને હિંસક પરિણામોના કારણે દુર્ગતિને પામ્યા છે એવા નરકના જીવોનો વિચાર કરીશું.

# નારકી

**पंचिंदिया य चउहा, नारय तिरिया मणुस्स देवाय।**
**नेरइया सतविहा नायव्वा पुढवि भेअेणं ॥१९॥**

પંચેન્દ્રિયના જીવો નરક-તિર્યંચ-મનુષ્ય અને દેવના ભેદથી ચાર પ્રકારના છે એમાં પૃથ્વીઓના ભેદથી નારકો સાત પ્રકારના જાણવા.

જૈન ભૂગોળની વ્યવસ્થાની વિચારણા કરીએ તો ખ્યાલ આવશે કે નારકો વિશ્વ વ્યવસ્થામાં નીચેના ભાગમાં છે જ્યાં દુઃખ (પાપની વિપુલતા) છે... એનાથી ઉપર એથી ઓછા દુઃખ (પાપ) વાળા તિર્યંચ તથા સુખ-દુઃખના (પાપ-પુણ્યના) મિશ્ર ફળ ભોગવતા મનુષ્યો છે... એનાથી ઉપર વધારે સુખ (પુણ્ય) ભોગવતા વિવિધ દેવો છે. એનાથી ઉપર ચૌદ રાજલોકના ઉચ્ચ સ્થાને અનંત, શાશ્વત સુખને ભોગવતા સિદ્ધો છે...

પંચેન્દ્રિય જીવો એવા છે જે ચાર ગતિ અને ત્રણે લોકમાં વ્યાપ્ત છે... આ જીવો ભલે પોતાના કર્માનુસાર પુણ્ય પાપને ભોગવતા હોય પણ પુરૂષાર્થ દ્વારા પાપને અટકાવી પુણ્યની વૃદ્ધિ કરવા... પાપને ખપાવવા... સમર્થ છે... એમાં આપણો બધાનો નંબર તો મનુષ્યમાં આવે છે. જે ધારે તો બધા કર્મ ખપાવી... સંસારમાંથી બહાર નીકળી મુક્ત બની શકે. સંસારચક્રમાંથી છુટવા જયણા અને કરૂણા જોઈએ... જયણા અને કરૂણા માટે જીવ-વિચારનું ઉંડુ જ્ઞાન જોઈએ.

ચૌદ રાજલોકમાં નીચેના સાત રાજલોકમાં સાત નારક પૃથ્વીઓ છે. જેના નામ-ગોત્ર અને લંબાઈ નીચે મુજબ છે :-




| નારકી | નામ | ગોત્ર | લંબાઈ |
|---|---|---|---|
| ૧ | ધમ્મા | રત્નપ્રભા | ૧ રાજ |
| ૨ | વંશા | શર્કરાપ્રભા | ૨ રાજ |
| ૩ | શેલા | વાલુકાપ્રભા | ૩ રાજ |
| ૪ | અંજના | પંકપ્રભા | ૪ રાજ |
| ૫ | રિષ્ટા | ધુમપ્રભા | ૫ રાજ |
| ૬ | મઘા | તમઃપ્રભા | ૬ રાજ |
| ૭ | માઘવતી | તમસ્તમઃ પ્રભા | ૭ રાજ |

દરેક નરક પૃથ્વીમાં નીચે આકાશદ્રવ્ય હોય છે... તેના અમુક ભાગમાં તનુવાત.. તેમાં ઘનવાત... તેમાં ઘનોદધિ... તેમાં નારક પૃથ્વી હોય... આ નારક પૃથ્વીમાં નરકના જીવો કુંભીમાં ઉત્પન્ન થાય છે... રહે છે... વિવિધ પ્રકારના દુઃખોને (પાપોને) ભોગવે છે...



સતત દુઃખને ભોગવતા નરકના જીવને ક્ષણવાર પણ દુઃખથી મુક્તિ મળતી નથી.. પણ જ્યારે તીર્થંકર પરમાત્માનો જન્મ થાય ત્યારે સાતે નરકમાં ક્ષણવારને માટે અજવાળું થાય અને નરકના જીવોને ક્ષણવાર સુખની અનુભૂતિ થાય છે... ત્યારે કેટલાક નારકો પરમાત્માનું કલ્યાણ જાણી અને અનુમોદના કરી સમ્યક્ત્વને પણ પ્રાપ્ત કરે છે... આવી ઘટનાઓ વિરલ બને છે... પણ અસંભવિત નથી...

ક્ષાયિક સમકિતના સ્વામિ એવા શ્રેણિક રાજા જેવા તીર્થંકર બનનાર આત્માઓ પણ પૂર્વ બાંધેલા આયુકર્મનો ઉદયે નરકમાં જાય છે... પણ સમતાથી કર્મ ભોગવી... નવા ન બાંધતા અદ્ભૂત કર્મ-નિર્જરા કરે છે...

આથી એમ નથી લાગતું ક્ષેત્ર ગમે તે હોય પણ જ્ઞાની કર્મો તોડે છે અને અજ્ઞાની ક્ષણે ક્ષણે કર્મ બાંધે છે. જ્ઞાનની બલિહારી છે. **જ્ઞાની નરકમાં કર્મ તોડી શકે.. જ્યારે અજ્ઞાની સમવસરણમાં પણ કર્મ બાંધી શકે.**

સાતે પ્રકારના નરકના જીવોના પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ ભેદ કરતા ચૌદ ભેદ નારકીના થાય છે.

## નારકીનાં ૧૪ ભેદ

| | | | |
|---|---|---|---|
| ૧. રત્નપ્રભા પર્યાપ્તા | ૩. શર્કરાપ્રભા પર્યાપ્તા | ૫. વાલુકાપ્રભા પર્યાપ્તા | ૭. પંકપ્રભા પર્યાપ્તા |
| ૨. રત્નપ્રભા અપર્યાપ્તા | ૪ . શર્કરાપ્રભા અપર્યાપ્તા | ૬. વાલુકાપ્રભા અપર્યાપ્તા | ૮. પંકપ્રભા અપર્યાપ્તા |

| | | |
|---|---|---|
| ૯. ધુમપ્રભા પર્યાપ્તા | ૧૧. તમઃપ્રભા પર્યાપ્તા | ૧૩. તમસ્તમઃ પ્રભા પર્યાપ્તા |
| ૧૦. ધુમપ્રભા અપર્યાપ્તા | ૧૨. તમઃપ્રભા અપર્યાપ્તા | ૧૪. તમસ્તમઃ પ્રભા અપર્યાપ્તા |

## તિર્યંચ પંચેન્દ્રિય

પંચેન્દ્રિય જીવોમાં ક્ષણે ક્ષણે દુઃખ ભોગવતા નરકના જીવોની વાત બતાવ્યા પછી એનાથી ઓછા દુઃખવાળા તિર્યંચ પંચેન્દ્રિયની ઓળખાણ કરાવતા કહે છે -

**जलयर थलयर खयरा तिविहा पंचिंदिया तिरिक्खाय,**
**सुसुमार-मच्छ-कच्छव गाहा मगराय जलचारी ॥२०॥**

**ગાથાર્થ :-** તિર્યંચ પંચેન્દ્રિય જલચર, સ્થલચર, અને ખેચર એમ ત્રણ પ્રકારે છે. મોટા મગરમચ્છ, માછલાં, કાચબા, ઝુડ અને મગર એ જલચર છે.

તિર્યંચ પંચેન્દ્રિયના ત્રણ ભેદ છે :- ( ૧ ) જલચર ( ૨ ) સ્થલચર અને ( ૩ ) ખેચર

## જલચર




મોટા મગરમચ્છ... માછલાં... કાચબા...ઝુડ(ગ્રાહા) અને મગર વગેરે જલમાં રહેનારા જલચર પ્રાણીઓ છે.

સંસારી જીવોની ભેદ ગણત્રી કરાવ્યા પછી હવે સંસારમાંથી મુક્ત થયેલા અથવા જેમના સર્વ કાર્ય સિદ્ધ થઇ ગયા છે એવા સિદ્ધ અથવા મુક્ત જીવોના ભેદ જણાવે છે. ખરેખર તો બધા જ સિદ્ધ સમાન સ્વરૂપના છે. તેમનામાં કોઇ ભેદ સંભવિત નથી છતાં કેવળી બનતા પૂર્વની અવસ્થાને લક્ષમાં રાખીને અથવા સિદ્ધ બનવાની ક્રિયાને લક્ષમાં રાખીને સિદ્ધના પંદર ભેદ કહેવામાં આવે છે.

**सिद्धा पनरस भेया, तित्था तित्थाइ सिद्ध भेएणं ।**
**एए संखेवेणं जीव विगप्पा समक्खाया ।।२५।।**

**ગાથાર્થ :** તીર્થ અતીર્થાદિ ભેદની અપેક્ષાએ સિદ્ધના જીવો પંદર પ્રકારના છે. એવી રીતે (સંસારી તથા મુક્ત) જીવોના ભેદ સંક્ષેપમાં પણ સ્પષ્ટ પણે સમજાવ્યા છે.

સિદ્ધના પંદર ભેદ નીચે પ્રમાણે જાણવા.

**૧. જિનસિદ્ધ :-** તીર્થંકર બનીને મોક્ષે જાય તે જિનસિદ્ધ. દા. ત. પાર્શ્વનાથ.

**૨. અજિનસિદ્ધ :-** તીર્થંકર પદ પામ્યા વિના મોક્ષે જાય તે અજિનસિદ્ધ દા.ત. ગણધર ભગવંત

**૩. તીર્થસિદ્ધ :-** તીર્થ સ્થાપના પછી મોક્ષે જાય તે તીર્થસિદ્ધ. દા.ત. જંબુસ્વામી.

**૪. અતીર્થસિદ્ધ :-** તીર્થની સ્થાપના પૂર્વે અથવા તીર્થ વિચ્છેદ પછી મોક્ષમાં જાય તે અતીર્થસિદ્ધ દા.ત. મરૂદેવામાતા

**૫. ગૃહસ્થસિદ્ધ :-** ગૃહસ્થાવાસમાં મોક્ષે જાય તે ગૃહસ્થસિદ્ધ. દા.ત. ભરત મહારાજા

**૬. અન્યલિંગસિદ્ધ :-** તાપસાદિના વેશમાં મોક્ષે જાય તે અન્યલિંગસિદ્ધ. દા.ત. વલ્કલચિરી

**૭. સ્વલિંગસિદ્ધ :-** જૈન સાધુના વેશમાં મોક્ષે જાય તે સ્વલિંગ સિદ્ધ. દા.ત. પ્રસન્નચંદ્ર રાજર્ષિ.

**૮. સ્ત્રીલિંગ સિદ્ધ :-** સ્ત્રી મોક્ષે જાય તે સ્ત્રીલિંગસિદ્ધ. દા.ત. ચંદનબાળા

**૯. પુરુષલિંગ સિદ્ધ :-** પુરુષ મોક્ષમાં જાય તે પુરુષલિંગ સિદ્ધ. દા.ત. ગૌતમસ્વામી

**૧૦. નપુંસકલિંગસિદ્ધ :-** નપુંસક મોક્ષમાં જાય તે નપુંસકલિંગસિદ્ધ. દા.ત. ગાંગેય

**૧૧. પ્રત્યેકબુદ્ધસિદ્ધ :-** કોઇ નિમિત્તથી બોધ પામીને મોક્ષમાં જાય તે પ્રત્યેક બુદ્ધ સિદ્ધ દા.ત. કરકંડુ

**૧૨. સ્વયંબુદ્ધ સિદ્ધ :-** પોતાની જાતે બોધ પામીને મોક્ષમાં જાય તે સ્વયં બુદ્ધ સિદ્ધ. દા.ત. કપીલ

**૧૩. બુદ્ધ બોધિત સિદ્ધ :-** બીજાના ઉપદેશથી મોક્ષે જાય તે બુદ્ધ બોધિત સિદ્ધ. દા.ત. વાયુભૂતિ.



**૧૪. એક સિદ્ધ :-** એક સમયે એક જ મોક્ષમાં જાય તે એક સિદ્ધ દા.ત. મહાવીરસ્વામી

**૧૫. અનેક સિદ્ધ :-** એક સમયે અનેક મોક્ષમાં જાય તે અનેક સિદ્ધ. દા.ત. ૠષભદેવ

એક સમયમાં ૧૦૮ થી વધારે મોક્ષમાં ન જાય.

વિશ્વમાં દેખાતા જીવોના વિવિધ ભેદ-પ્રભેદ દ્વારા આપણે કુલ પાંચસો અને ત્રેસઠ ભેદ સમજ્યા. હવે આગળ આ સંસારી જીવોનો વિશેષ અભ્યાસ કેવી રીતે થઇ શકે ? તે જણાવે છે -

**एएसिं जीवाणं, शरीरमाउठिई सकायम्मि ।**
**पाणा जोणी पमाणं, जेसिं जं अत्थि तं भणिमो ।।२६।।**

**ગાથાર્થ :** આ જીવોનું શરીર પ્રમાણ, આયુષ્ય સ્થિતિ, સ્વકાય સ્થિતિ, પ્રાણ અને યોનીનું પ્રમાણ, જેનું જેટલું છે તેટલું કહીશું.

આપણને કોઇ વ્યક્તિને ઓળખવી હોય... બરાબર પરિચય કરવો હોય તો એની ઉંચાઇ, ચહેરો, રંગ વગેરેની જાણકારી જરૂરી હોય એવી રીતે જીવને જાણવા માટે કેવળ એના ભેદ જાણવાથી ન ચાલે પણ દરેક ભેદના જીવના શરીરનું પ્રમાણ (લંબાઇ) કેટલું છે ? દરેક જીવ-ભેદના પ્રાણ કેટલા હોય ? એમનું ઉત્પન્ન થવાનું સ્થાન કેવું હોય ? એ જાણવું આવશ્યક બને છે. અહિં જીવ ભેદોનો આવી રીતે સવિશેષ અભ્યાસ થઇ શકે છે.

## "અવગાહના"

હવે આપણે પ્રથમ એકેન્દ્રીય જીવોના શરીરનું પ્રમાણ જાણવા પ્રયત્ન કરીએ-

**अंगुलअसंखभागो, सरीरमेगिंदियाणं सव्वेसिं ।**
**जोयण सहस्समहियं, नवरं पत्तेयरुखाणं ।।२७।।**

**ગાથાર્થ :** સર્વ એકેન્દ્રિય જીવોનું શરીર અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલું હોય છે, પણ એટલું વિશેષ છે કે પ્રત્યેક વનસ્પતિકાયનું શરીર એક હજાર યોજનથી અધિક છે.

એકેન્દ્રિય જીવોમાં પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય અને સાધારણ વનસ્પતિકાયનું શરીર અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલું જ હોય છે. અંગુલનો અસંખ્યાતમો ભાગ એટલે સોયની અણી ઉપર જેટલો ભાગ આવે તે. એકેન્દ્રિયના શરીરની ઉંચાઇનો આ નિયમ પ્રત્યેક વનસ્પતિકાયને લાગતો નથી. પ્રત્યેક વનસ્પતિકાય એક હજાર યોજનથી પણ અધિક ઉંચાઇવાળો હોઇ શકે છે. અહિં આપણી જાણકારી માટે આપણે જૈન ગણત્રીનું પ્રમાણ વિચારીએ-

૧. ઉત્સેધાંગુલ - આપણું એક અંગુલ. એટલે જ અંગુલમાપ એટલે આપણા આંગળીની પહોળાઇનું માપ સમજવાનું છે.

છ ઉત્સેધાંગુલ = એક પાદ (પગનું માપ)
બે પાદ = એક વેંત
બે વેંત = એક હાથ
બે હાથ = એક દંડ
બે દંડ = ૧ ધનુષ્ય
બે હજાર ધનુષ્ય = એક કોશ (ગાઉ)
ચાર કોશ (ગાઉ) = એક યોજન.

એકેન્દ્રિયની ઉંચાઇ = બાદર અને સૂક્ષ્મ

પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય } અંગુલનો અસંખ્યાતમો ભાગ

પ્રત્યેક વનસ્પતિકાય = હજાર યોજનથી અધિક પર્યાપ્ત બાદર

**પ્ર :- પૃથ્વી, અપ, તેઉ, વાઉના જીવોની સંખ્યા કેટલી છે ?**

**ઉ:-** લીલા આમળા જેવડા પૃથ્વીકાયના પિંડને વિષે જે (અસંખ્ય) જીવો રહેલા છે તે દરેકના પારેવા જેવડા શરીર કર્યા હોય તો આખા જંબૂદ્વીપમાં સમાય નહીં. નાકમાં ગોલો પડે તેટલા પૃથ્વીકાયના કણિયાને ચક્રવર્તીની દાસી એકવીસ વખત વાટીને ચાળે તો પણ કેટલાક પૃથ્વીકાયના જીવોને સ્પર્શ થાય અને મરે અને કેટલાક જીવોને સ્પર્શ ન થાય તે મરે પણ નહી એટલા જીવો એક પૃથ્વીકાયના કણિયામાં છે.

જલના એક બિંદુમાં જે જીવો જિનેશ્વર કહ્યા છે, તે દરેકે જો સરસવ જેવડા શરીર કર્યા હોય તો આખા જંબૂદ્વીપમાં સમાય નહીં.

બરંડી કે તંદુલ જેટલા અગ્નિકાયને વિષે જેટલા જીવો રહેલા છે તે દરેકના શરીર જો કદાચ ખસ જેવડા કર્યા હોય તો આખા જંબૂદ્વીપમાં સમાય નહિં.

લિંબડાના એક પાંદડા જેટલા સ્થાનમાં રહેલા વાઉકાયને વિષે જે જીવો રહેલા છે, તેણે જો માથાની લીખ જેવડા શરીર કર્યા હોય તો આખા જંબૂદ્વીપમાં સમાય નહીં એટલા છે.

અત્યારે આ દેશમાં આજ માપનો વ્યવહાર ચાલે છે.

એકેન્દ્રિયના શરીરની ઊંચાઇ જાણી લીધી પણ બેઇન્દ્રિયાદિ જીવોની શરીર ઉંચાઇનો વિચાર કરીએ -

**बारस जोयण तिन्नेव, गाउआ जोयणं च अणुकमसो ।**
**बेइंदिय, तेइंदिय - चउरिंदिय देह मुच्चतं ।।२८।।**

**ગાથાર્થ :** બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય જીવોના શરીરની ઉંચાઇ અનુક્રમે બાર યોજન, ત્રણ ગાઉ અને એક યોજન જાણવી.

| વિકલેન્દ્રિય | અવગાહના |
|---|---|
| બેઇન્દ્રિય | ૧ ૨ યોજન |
| તેઇન્દ્રિય | ૩ ગાઉ. |
| ચઉરિન્દ્રિય | ૧ યોજન |

અહિં બે ઇન્દ્રિય જીવોના શરીરની ઉંચાઇ બાર યોજનની જણાવી છે, તેઇન્દ્રિય જીવોના શરીરની ઉંચાઇ ત્રણ ગાઉની જણાવી છે. તથા ચઉરિન્દ્રિયની શરીરની ઉંચાઇ એક યોજનની બતાવી છે. આ ઉંચાઇ સાંભળતા આપણને આશ્ચર્ય થાય તે સહજ છે. પણ આ નિશ્ચિત પ્રમાણ નથી પણ બેઇન્દ્રિયની વધારેમાં વધારે ઉંચાઇ બાર યોજનની હોઇ શકે પણ એનાથી વધારે તો ન જ સંભવે. આ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. આ સર્વ ક્ષેત્રોને અને સર્વકાળને લક્ષમાં રાખીને જણાવવામાં આવી છે.

જો આપણે બધા ક્ષેત્રે...સર્વકાળ... અને બધા બેઇન્દ્રિયાદિ જીવોને નજરની સામે રાખીને વિચાર કરીએ તો આપણને આશ્ચર્ય ન થાય પણ સહજ પણે વાતનો સ્વીકાર થઇ જાય.



હવે નરકના જીવોની શરીરની ઉંચાઇ બતાવે છે.

**धणुसयपंचपमाणा, नेरइया, सतमाइ पुढवीए ।**
**ततो अद्धद्धूणा, नेया रयणप्पहा जाव ।।२९।।**

**ગાથાર્થ :** પાંચસો ધનુષ્યની ઉંચાઇવાળા નારક જીવો સાતમી નરક પૃથ્વીને વિષે જાણવા તે કરતાં અડધા-અડધા ઓછા પ્રમાણવાળા નારક જીવો રત્નપ્રભા પર્યંત જાણવા.

સાત નારકીને વિષે રહેલા જીવોની ઉંચાઇ જણાવતાં કહે છે સૌથી વધારે ઉંચાઇ સાતમી નારકીના જીવોની છે જે પાંચસો ધનુષ્યની છે. પછી જેમ જેમ ઉપર જઇએ તેમ તેમ ઉંચાઇ અડધી અડધી થતી જાય છે.

| | ઉત્કૃષ્ટ | જઘન્ય |
|---|---|---|
| (૧) સાતમી નારકીના જીવોની | - ઉંચાઇ પાંચસો ધનુષ્ય | ૨૫૦ ધનુષ્ય |
| (૨) છઠ્ઠી નારકીના જીવોની | - ઉંચાઇ અઢીસો ધનુષ્ય | ૧૨૫ ધનુષ્ય |
| (૩) પાંચમી નારકીના જીવોની | - ઉંચાઇ સવાસો ધનુષ્ય | ૬૨ાા ધનુષ્ય |
| (૪) ચોથી નારકીના જીવોની | - ઉંચાઇ ૬૨ ધનુષ્ય અને બે હાથ | ૩૧ા ધનુષ્ય |
| (૫) ત્રીજી નારકીના જીવોની | - ઉંચાઇ ૩૧ ધનુષ્ય અને એક હાથ | ૧૫ાા ધનુષ્ય ૧૨ અંગુલ |
| (૬) બીજી નારકીના જીવોની | - ઉંચાઇ ૧૫ ધનુષ્ય અને બે હાથ ૧૨ અંગુલ | ૭ાા ધનુષ્ય ૬ અંગુલ |
| (૭) પહેલી નારકીના જીવોની | - ઉંચાઇ ૭ ધનુષ્ય, ૩ હાથ, ૬ અંગુલ. | ૩ હાથ |

## તિર્યંચ પંચેન્દ્રિય અવગાહના

કેવી વિવિધતાથી ભરેલું આ વિશ્વ છે ? આ વિશ્વમાં રહેલા જીવોમાં પણ કેવી વિવિધતા રહેલી છે ? આટલું જ નહીં પણ જીવોની ઉંચાઇ વિગેરેમાં પણ કેવી વિચિત્રતા જોવા મળે છે ? ક્યાંક જીવ અંગુલના અસંખ્યાતમાં ભાગનું શરીર ધરાવે છે તો ક્યાંક વળી જીવ પાંચસો ધનુષ્યની કાયા ધારણ કરે છે. પણ આવી વિવિધતા - વિષમતા અને વિચિત્રતાનો પરિચય દેવાધિદેવ વિના આપણને કોણ કરાવી શકે ? વિશ્વના સાચા સ્વરૂપનું ભાન કરાવનાર એ કેવળજ્ઞાની ભગવંતોને કોટિ કોટિ વંદના.

ચાલો જીવોના પરિચયમાં આપણે આગળ વધીએ. આજે આપણે પ્રથમ તિર્યંચ પંચેન્દ્રિય જીવોના શરીરની ઉંચાઇનો (અવગાહના) વિચાર કરીએ.

**जोयणसहस्समाणा, मच्छा उरगाय गब्भया हुंति ।**
**धणुहपुहुत्त पक्खिसु, भुयचारी गाउअपुहत्तं ।।३०।।**

**ગાથાર્થ :-** ગર્ભજ મત્સ્ય અને ગર્ભજ ઉરપરિસર્પ હજાર યોજનના પ્રમાણવાળા હોય છે, ગર્ભજ પક્ષીઓનું શરીર પ્રમાણ ધનુષ્ય પૃથકત્વ અને ગર્ભજ ભુજપરિસર્પનું ગાઉ પૃથક્ત્વ જાણવું.

પૃથકત્વ એટલે ૨ થી ૯ એમ સમજવું.

ધનુષ્ય પૃથક્ત્વ એટલે ૨ થી ૯ ધનુષ્ય. ગાઉ પૃથક્ત્વ એટલે ૨ થી ૯ ગાઉ.

ગર્ભજ મત્સ્ય અને ઉરપરિસર્પ હજાર-હજાર યોજન લાંબા હોઇ શકે છે. આપણને આવી કલ્પનાઓ પણ થવી મુશ્કેલ છે. તેમજ પક્ષીઓ ૨ થી ૯ ધનુષ્યના સંભવે છે. અને ગર્ભજ ભુજ પરિસર્પ ૨ થી ૯ ગાઉના હોય છે. અહીં પણ આ લંબાઇ વધારેમાં વધારે એટલે જ ઉત્કૃષ્ટ સમજવી.

ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયની અવગાહના કહ્યા પછી સંમુચ્છિમ્ તિર્યંચ પંચેન્દ્રિયનું પ્રમાણ કહે છે

**खयरा धणुहपुहुत्तं भुयगा उरगाय जोयण पुहुत्तं ।**
**गाउअ पुहुत्तमित्ता, समुच्छिमा चउप्पया भणिया ।।३१।।**

**ગાથાર્થ :-** સંમૂર્ચ્છિમ્ પક્ષી અને ભુજપરિસર્પનું શરીર પ્રમાણ ધનુષ્ય પૃથક્ત્વ જાણવું તથા સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પનું શરીરમાન યોજન પૃથક્ત્વ જાણવું અને સંમૂર્ચ્છિમ્ ચતુષ્પદ ગાઉ પૃથક્ત્વ પ્રમાણવાળા કહ્યા છે.

| ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય | |
|---|---|
| જળચર ગર્ભજ | ૧૦૦૦ યોજન |
| ઉરપરિસર્પ | ૧૦૦૦ યોજન |
| ખેચર | ધનુષ્ય પૃથક્ત્વ |
| ભુજ પરિસર્પ | ગાઉ પૃથક્ત્વ |
| ચતુષ્પદ | ૬ ગાઉ |

| સંમૂર્ચ્છિમ્ તિર્યંચ પંચેન્દ્રિય | |
|---|---|
| જળચર | ૧૦૦૦ યોજન |
| ઉરપરિસર્પ | પૃથક્ત્વ યોજન |
| ખેચર | ધનુષ્ય પૃથક્ત્વ |
| ભુજ પરિસર્પ | ધનુષ્ય પૃથક્ત્વ |
| ચતુષ્પદ | ગાઉ પૃથક્ત્વ |

સંમૂર્ચ્છિમ તિર્યંચોનું પણ આવું શરીરમાન જીવને આશ્ચર્ય ઉત્પન્ન કરાવનારું છે.

**હવે ગર્ભજ ચતુષ્પદ અને મનુષ્યનું શરીર પ્રમાણ જણાવે છે :**

**छच्चेव गाउआइं चउप्पया गब्भया मुणेयव्वा ।**
**कोसतिंग च मणुस्सा, उक्कोस सरीरमाणेणं ।।३२।।**

અર્થ :- ગર્ભજ ચતુષ્પદોના શરીરનું પ્રમાણ છ ગાઉનું જાણવું અને ગર્ભજ મનુષ્યોની અવગાહના ત્રણ ગાઉ જાણવી.

## ગર્ભજ મનુષ્યોની અવગાહના

મનુષ્ય શરીરની અવગાહના બે હાથથી માંડીને ત્રણ ગાઉ સુધીની જોવા મળે છે. અવગાહનામાં જે ફરક છે તે સ્થાન અને કાળના કારણે છે. ભરત-ઐરાવત ક્ષેત્રમાં દરેક આરામાં તફાવત જોવા મળે છે. દેવકુરુ-ઉત્તરકુરુમાં પ્રથમ આરા પ્રમાણે, હરિવર્ષ અને રમ્યક્‌માં બીજા આરા પ્રમાણે, હિમવંત-હિરણ્યવંતમાં ત્રીજા આરા પ્રમાણે તથા મહાવિદેહ ક્ષેત્રમાં



ચોથા આરા પ્રમાણે શરીરમાન હોય છે. છપ્પન્ન અંતર-દ્વીપમાં ૮૦૦ ધનુષ્યની કાયા હોય છે.

આવા પ્રકારે તિર્યંચ અને મનુષ્યની ઉત્કૃષ્ટ અવગાહના જાણવી. આવા કેટલાક શરીર આપણા સહુના આત્માએ અનંતીવાર ભોગવી લીધા છે. ધારણ કરી લીધા છે. આવા શરીરો દ્વારા અનંતીવાર અનેક પ્રકારના ખાન-પાન આરોગ્યા છે... ભોગ ભોગવ્યા છે... કર્મના વિપાક અને કડવા ફળ ભોગવ્યા છે. છતાં આજે આ જીવ અજ્ઞાનદશામાં અથડાતો જ રહ્યો છે... આ બધું જાણ્યા પછી... સમજ્યા પછી અજ્ઞાનદશા છોડીને જ્ઞાનદશામાં પ્રવેશ કરવો અત્યંત આવશ્યક છે. જેમ જેમ અજ્ઞાનદશા ટળે... જ્ઞાનદશા પ્રગટે તેમ તેમ જ્ઞાનગર્ભિત વૈરાગ્યની પ્રાપ્તિ થાય. આવા જ્ઞાનગર્ભિત વૈરાગ્યની પ્રાપ્તિ... એ જ આ જ્ઞાનપ્રાપ્તિની સફળતા છે.

| આરો | ૧૫ કર્મ ભૂમિ<br>૫ ભરત + ૫ ઐરાવત | ૩૦ અકર્મભૂમિ | ૫૬ અંતર્દ્વીપ |
|---|---|---|---|
| ૧ | ૩ ગાઉ | ૩ ગાઉ ૫ - દેવ કુરૂ ૫ - ઉત્તરકુરૂ | |
| ૨ | ૨ ગાઉ | ૨ ગાઉ ૫ - હરિવર્ષ ક્ષેત્ર ૫ - રમ્યક્ ક્ષેત્ર | |
| ૩ | ૧ ગાઉ | ૧ ગાઉ ૫ - હિમવંત ક્ષેત્ર ૫ - હિરણ્યવંતક્ષેત્ર | ૮૦૦ ધનુષ્ય |
| ૪ | ૫૦૦ ધનુષ્ય - ૫ **મહાવિદેહ** | | |
| ૫ | ૭ હાથ | | |
| ૬ | ૨ હાથ | | |

## દેવોની અવગાહના

હવે આપણે દેવલોકના દેવોના શરીર પ્રમાણને જાણીએ -

**इसाणंत सूराणं, रयणीओ सत्तहुंति उच्चतं ।**
**दुग दुग दुग चउगेविज्जणुत्तरे इक्किक परिहाणी ।।३३।।**

| દેવ | શરીરપ્રમાણ |
|---|---|
| ભવનપતિ | - ૭ હાથ |
| વ્યંતર | - ૭ હાથ |
| જ્યોતિષ | - ૭ હાથ |
| સૌધર્મ-ઇશાન દેવ | - ૭ હાથ |
| ૧. કિલ્બિષીક | - ૭ હાથ |
| સનત્કુમાર-માહેન્દ્ર દેવ | - ૬ હાથ |
| ૨. કિલ્બિષીક | - ૬ હાથ |
| બ્રહ્મ-લાંતક | - ૫ હાથ |
| ૩. કિલ્બિષીક | - ૫ હાથ |
| શુક્ર-સહસ્રાર | - ૪ હાથ |
| આનત-પ્રાણત | - ૩ હાથ |
| આરણ-અચ્યુત | - ૩ હાથ |
| નવગ્રૈવેયક | - ૨ હાથ |
| પાંચ અનુત્તર | - ૧ હાથ |

**ગાથાર્થ :-** ઇશાન દેવલોક પર્યંતના દેવોની શરીરની ઉંચાઇ સાત હાથ હોય છે. તે પછી બે, બે અને ચાર દેવલોક, નવગ્રૈવેયક અને અનુત્તર વિમાનને વિષે શરીરની ઉંચાઇ એક એક હાથ ઓછી જાણવી.

નારકીમાં જેમ ઉપર ઉપર જઇએ તેમ ઉંચાઇ અડધી-અડધી થતી જાય છે તેમ દેવોના શરીરની ઉંચાઇ પણ જેમ જેમ ઉપર જઇએ તેમ એક એક હાથ ઓછી થતી જાય છે. દેવલોકમાં શરીરમાનની સ્પષ્ટ વિગત નીચે મુજબ છે.

દેવોના શરીરની વધારેમાં વધારે ઉંચાઇ સાત હાથની હોય છે. જેને દેવોની ઉત્કૃષ્ટ અવગાહના કહેવાય. અને દેવોના શરીરની ઓછામાં ઓછી ઉંચાઇ એક હાથની હોય છે. જેને દેવોની જઘન્ય અવગાહના કહેવાય.

અહિં દેવોના શરીરની ઉંચાઇની વાત બતાવી છે તે મૂળ શરીરની વાત સમજવાની છે. દેવો પોતાના આયુષ્યની સમાપ્તિ સુધી આ મૂળ શરીરને ધારણ કરે છે તેથી તે **ભવધારણીય** કહેવાય છે.

ભવધારણીય શરીરથી જૂદું...વિવિધ પ્રકારની ક્રિયા અને આકૃતિને

કરવાવાળું જે શરીર તે ઉત્તર વૈક્રિય શરીર કહીએ. આ ઉત્તરવૈક્રિય શરીર એક અથવા અનેક બનાવી શકાય, ન જોઇએ ત્યારે સંહરી શકાય. આવા ઉત્તર વૈક્રિય શરીરની અવગાહના ઉત્કૃષ્ટથી એક લાખ યોજન અને બન્ને શરીર માટે જઘન્ય અવગાહના અંગુલનો સંખ્યાતમો ભાગ જાણવો.

અહીં વિવિધ જીવોની અવગાહના અથવા શરીરમાન દ્વારની પૂર્ણાહૂતિ થાય છે.

## ભવસ્થિતિ (આયુષ્ય)

જીવભેદોની શરીર અવગાહના જાણ્યા પછી આગળ આપણે ભવસ્થિતિ એટલે આયુષ્ય દ્વારની વિચારણા કરીશું.

વિશ્વના જીવ ભેદોના શરીર પ્રમાણની વિવિધતા અને વિશેષતા જોવાથી જ આપણને સર્વજ્ઞની સર્વજ્ઞતાની ખાત્રી થઇ જાય... પણ આ જીવોના જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્યની વાતો તો આપણને વિસ્મિત જ બનાવી દે છે... જીવભેદોના આયુષ્યના રહસ્યને પામવા આગળ વધીએ... પ્રથમ એકેન્દ્રિયોના આયુષ્યની વાત જણાવે છે –

**बावीसा पुढवीए, सत्तय, आउस्स तिन्नि वाउस्स ।**
**वास सहस्सा दसतरु, गणाण तेउतिरत्ताउ ।।३४।।**

**ગાથાર્થ :-** પૃથ્વીકાયનું ઉત્કૃષ્ટ આયુષ્ય બાવીશ હજાર વર્ષ છે, અપ્કાયનું આયુષ્ય સાત હજાર વર્ષનું છે, વાયુકાયનું આયુષ્ય ત્રણ હજાર વર્ષનું છે, પ્રત્યેક વનસ્પતિમાં સમુહનું આયુષ્ય દશ હજાર વર્ષનું છે. અને તેઉકાયનું આયુષ્ય ત્રણ અહોરાત્રિનું જાણવું.

અહીં ગાથાર્થમાં જે ઉત્કૃષ્ટ સ્થિતિ કહી તે નિરૂપદ્રવ સ્થાનમાં રહેલા જીવોની જાણવી. જે સ્થાનમાં તેમને આઘાત-પ્રત્યાઘાતોના નિમિત્તો બનતા ન હોય સામાન્યતઃ મધ્યમ કક્ષાના આયુષ્યવાળા જીવો જ વધુ જાણવા.

## આયુષ્યનું કોષ્ટક

| એકેન્દ્રિય | |
|---|---|
| બાદર પૃથ્વીકાય | પર્યાપ્ત - ૨૨,૦૦૦ વર્ષ |
| બાદર અપકાય | પર્યાપ્ત - ૭,૦૦૦ વર્ષ |
| બાદર તેઉકાય | પર્યાપ્ત - ૩ અહોરાત્રિ |
| બાદર વાયુકાય | પર્યાપ્ત - ૩,૦૦૦ વર્ષ |
| બાદર સા. વનસ્પતિ | પર્યાપ્ત - અંતમુહૂર્ત |
| બાદર પ્ર. વનસ્પતિ | પર્યાપ્ત - ૧૦,૦૦૦ વર્ષ |

હવે વિકલેન્દ્રિયોનું આયુષ્ય જણાવે છે.

**वासाणी बारसाउ बेइंदियाणं, तेइंदियाणं तुं ।**
**अउणापन्नदिणाइं, चउरिंदीणं तु छम्मासा ।।३५।।**



**ગાથાર્થ :-** બેઈન્દ્રિયનું બાર વર્ષ, તેઈન્દ્રિયનું ઓગણપચાસ દિવસનું અને ચઉરિન્દ્રિયનું છ મહિના જાણવુ.

## વિકલેન્દ્રિય

| | |
|---|---|
| બેઈન્દ્રિય | પર્યાપ્તા - ૧૨ વર્ષ |
| તેઈન્દ્રિય | પર્યાપ્તા - ૪૯ દિવસ |
| ચઉરિન્દ્રિય | પર્યાપ્તા - ૬ માસ |

| | |
|---|---|
| બેઈન્દ્રિય | અપર્યાપ્તા અંતમૂહુર્ત |
| તેઈન્દ્રિય | અપર્યાપ્તા અંતમૂહુર્ત |
| ચઉરિન્દ્રિય | અપર્યાપ્તા અંતમૂહુર્ત |

વિકલેન્દ્રિયની ભવસ્થિતિ (આયુષ્ય) જણાવીને હવે દેવ, નારકી, ચતુષ્પદ અને મનુષ્યનું આયુષ્ય જણાવે છે.

**सुरनेरइयाणं ठिई, उक्कोसा, सागराणि तित्तीसं ।**
**चउप्पयतिरियमणुस्सा, तिन्निय पलिओवमा हुंति ।।३६।।**

**ગાથાર્થ :** દેવ અને નારકોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમ અને ચતુષ્પદ તિર્યંચ અને મનુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમ હોય છે.

## દેવોનું આયુષ્ય

| ભવનપતિ | | |
|---|---|---|
| ૧ ભવનપતિ અસુરકુમાર | પર્યાપ્તા | ૧ સાગરોપમથી અધિક |
| ૨ થી ૧૦ ભવનપતિ | પર્યાપ્તા | કાંઇક ન્યૂન ૨ પલ્યોપમ |
| પરમાધામી | પર્યાપ્તા | ૧ સાગરોપમથી અધિક |

**વ્યંતર, વાણવ્યંતર, તિર્થગજૃમ્ભક – ૧ પલ્યોપમ**

| જ્યોતિષ | |
|---|---|
| સૂર્ય | = પલ્યોપમ અધિક ૧૦૦૦ વર્ષ |
| ચંદ્ર | = ૧ પલ્યોપમ ૧ લાખ વર્ષ |
| ગ્રહ | = ૧ પલ્યોપમ |
| નક્ષત્ર | = ০॥ પલ્યોપમ |
| તારા | = ০। પલ્યોપમ |

### કિલ્બીષિક

૧. ૩ પલ્યોપમ  ૨. ૩ સાગરોપમ  ૩. ૧૩ સાગરોપમ

### વૈમાનિક

| | | | |
|---|---|---|---|
| ૧. દેવલોક | સાગરોપમ | ૭. દેવલોક | ૧૭ સાગરોપમ |
| ૨. દેવલોક | ૨ થી અધિક સાગરોપમ | ૮. દેવલોક | ૧૮ સાગરોપમ |
| ૩. દેવલોક | ૭ સાગરોપમ | ૯. દેવલોક | ૧૯ સાગરોપમ |
| ૪. દેવલોક | ૭ થી અધિક સાગરોપમ | ૧૦. દેવલોક | ૨૦ સાગરોપમ |
| ૫. દેવલોક | ૧૦ સાગરોપમ | ૧૧. દેવલોક | ૨૧ સાગરોપમ |
| ૬. દેવલોક | ૧૪ સાગરોપમ | ૧૨. દેવલોક | ૨૨ સાગરોપમ |

## ગ્રૈવેયક

| | | |
|---|---|---|
| ૧ - ૨૩ સાગરોપમ | ૨ - ૨૪ સાગરોપમ | ૩ - ૨૫ સાગરોપમ |
| ૪ - ૨૬ સાગરોપમ | ૫ - ૨૭ સાગરોપમ | ૬ - ૨૮ સાગરોપમ |
| ૭ - ૨૯ સાગરોપમ | ૮ - ૩૦ સાગરોપમ | ૯ - ૩૧ સાગરોપમ |

## ૫ અનુત્તર

૩૩ સાગરોપમ

## નારકી

| | |
|---|---|
| ૧. રત્નપ્રભા | ૧ સાગરોપમ |
| ૨. શર્કરાપ્રભા | ૨ સાગરોપમ |
| ૩. વાલુકાપ્રભા | ૩ સાગરોપમ |
| ૪. પંકપ્રભા | ૭ સાગરોપમ |
| ૫. ધુમપ્રભા | ૧૦ સાગરોપમ |
| ૬. તમઃપ્રભા | ૧૭ સાગરોપમ |
| ૭. તમસ્તમપ્રભા | ૩૩ સાગરોપમ |

દેવો અને નારકી અપર્યાપ્ત મરતા નથી.

## મનુષ્યોનું આયુષ્ય

૧૫ કર્મભૂમિ = ૫ ભરત ૫ ઐરાવત ૫ મહાવિદેહ

(ગર્ભજ મનુષ્ય પર્યાપ્તા) (ઉત્કૃષ્ટ આયુષ્ય)

(ગર્ભજ મનુષ્ય અપર્યાપ્તા) (અંતમુહૂર્ત)

| | |
|---|---|
| આરો સુષમ સુષમ -૧ | - ૩ પલ્યોપમ |
| સુષમ - ૨ | - ૨ પલ્યોપમ |
| સુષમદુષમ - ૩ | - ૧ પલ્યોપમ |
| દુષમ સુષમ - ૪ | - પૂર્વક્રોડ વર્ષ - મહાવિદેહ ક્ષેત્ર |
| દુષમ - ૫ | - ૧૩૦ વર્ષ |
| દુષમ દુષમ - ૬ | - ૨૦ વર્ષ |

## 30 અકર્મ ભૂમિ / ૫૬ અંર્તદ્વીપ (પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ)

| 30 અકર્મ ભૂમિ | | | ૫૬ અંર્તદ્વીપ |
|---|---|---|---|
| ૫. દેવકુરુ | ૫ ઉત્તરકુરૂ | ૩ પલ્યોપમ | ૧૦૧ ગર્ભજ (જઘન્ય આયુષ્ય) + ૧૦૧ સંમૂર્ચ્છિમ અપર્યાપ્તા - અંતર્મુહૂર્ત આયુષ્ય |
| ૫. હરિવર્ષ ક્ષેત્ર | ૫ રમ્યક્ ક્ષેત્ર | ૨ પલ્યોપમ | ૫૬ અંતર્દ્વીપ અને ૩૦ અકર્મભૂમિના અપર્યાપ્તા મરતા નથી. |
| ૫. હિમવંત ક્ષેત્ર | ૫ હિરણ્યવંત ક્ષેત્ર | ૧ પલ્યોપમ | મનુષ્ય પર્યાપ્તા + ૧૦૧ ગર્ભજ મનુષ્ય અપર્યાપ્તા |

**जलयरउरभुयगाणं, परमाउ होई पुव्वकोडीओ ।**
**पक्खीणं पुण भणीओ, असंखभागो य पलियस्स ॥३७॥**

**ગાથાર્થ :-** જલચર, ઉરપરિસર્પ, તથા ભૂજપરિસર્પનું આયુષ્ય ઉત્કૃષ્ટ ક્રોડ પૂર્વનું હોય છે. તેવી જ રીતે પક્ષીઓનું પલ્યોપમના અસંખ્યાતમાં ભાગનું જાણવું.



## તિર્યંચ પંચેન્દ્રિય

| | | | |
|---|---|---|---|
| ગર્ભજ | જલચર | પર્યાપ્તા | પૂર્વ ક્રોડ વર્ષ |
| ગર્ભજ | ઉરઃપરિસર્પ | પર્યાપ્તા | પૂર્વ ક્રોડ વર્ષ |
| ગર્ભજ | ભુજ પરિસર્પ | પર્યાપ્તા | પૂર્વ ક્રોડ વર્ષ |
| ગર્ભજ | ખેચર | પર્યાપ્તા | પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ |
| ગર્ભજ | ચતુષ્પદ | પર્યાપ્તા | ૩ પલ્યોપમ |

| | | | |
|---|---|---|---|
| સંમૂર્ચ્છિમ્ | જલચર | પર્યાપ્તા | પૂર્વ ક્રોડ વર્ષ |
| સંમૂર્ચ્છિમ્ | ઉરઃપરિસર્પ | પર્યાપ્તા | ૫૩,૦૦૦ વર્ષ |
| સંમૂર્ચ્છિમ્ | ભુજ પરિસર્પ | પર્યાપ્તા | ૪૨,૦૦૦ વર્ષ |
| સંમૂર્ચ્છિમ્ | ખેચર | પર્યાપ્તા | ૭૨,૦૦૦ વર્ષ |
| સંમૂર્ચ્છિમ્ | ચતુષ્પદ | પર્યાપ્તા | ૮૪,૦૦૦ વર્ષ |

આવા પ્રકારે અહીં સર્વ જીવોનું આયુષ્યમાન જણાવ્યા પછી સૂક્ષ્મ અને સંમુર્ચ્છિમ જીવોનું આયુષ્ય જણાવે છે.

**सव्वे सुहुमासाहारणा य समुच्छिमा मणुस्साय ।**
**उक्कोस जहन्नेणं, अंतमुहुत्तं चिय जियंति ॥३८॥**

અર્થ :- સર્વ સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો, બાદર સાધારણ વનસ્પતિકાય (અનંતકાય-નિગોદ) અને સંમૂર્ચ્છિમ્ મનુષ્યો ઉત્કૃષ્ટ અને જઘન્યથી અંતમૂહુર્ત જીવે છે.

| | |
|---|---|
| સૂક્ષ્મ સ્થાવર | અંતર્મુહૂર્ત |
| બાદર સાધારણ વનસ્પતિકાય | અંતર્મુહૂર્ત |
| સંમૂર્ચ્છિમ્ મનુષ્ય | અંતર્મુહૂર્ત |

**ओगाहणाउ - माणं, एवं संखेवओ समक्खायं ।**
**जे पुण इत्थ विसेसा, विसेस-सुत्ताउ ते नेया ॥३९॥**

અવગાહના અને આયુષ્ય દ્વારાની પૂર્ણાહૂતિ કરતાં વિશેષ જાણવા. અન્ય સૂત્રો (શ્રી બૃહત્ સંગ્રહણી, વગેરે) વાંચવાની ભલામણ કરે છે.

## સ્વકાય સ્થિતિ

જીવ વારંવાર પોતાની જાતિમાં જેટલા વખત સુધી ઉત્પન્ન થાય (જન્મ-મરણ કરે) તે તેની સ્વકાયસ્થિતિ કહેવાય.

પૃથ્વીકાયાદિ સ્થાવર જીવો... બે ઈન્દ્રિયાદિ વિકલેન્દ્રિયાદિ જીવો તેમજ તિર્યંચ - મનુષ્ય જીવો એ જ જાતિમાં મમત્વભાવના કારણે વારંવાર જન્મ મરણ કરે છે. પણ આ સ્વ જાતિમાં જ જન્મ-મરણ કરવામાં કેવા કેવા નિયમ છે એની સ્પષ્ટતા એવં સમજણ અહીં આપવામાં આવી છે.

**एगिंदिया य सव्वे असंख उस्सप्पिणी सकायंम्मि ।**
**उवज्जंति चयंति य अणंत - काया अणंताओ ॥४०॥**

**ગાથાર્થ :-** સર્વ એકેન્દ્રિય જીવો તેમજ અનંતકાય જીવો અનુક્રમે અસંખ્ય ઉત્સર્પિણી - અવસર્પિણી તથા અનંત ઉત્સર્પિણી - અવસર્પિણી સુધી સ્વકાયમાં જ ઉત્પન્ન થાય છે અને ચ્યવે છે.

જૈન શાસનનું કાળચક્ર બે વિભાગોમાં વિભાજીત છે - (૧) ઉત્સર્પિણી અને (૨) અવસર્પિણી - બન્ને ઉત્સર્પિણી એવં અવસર્પિણીમાં છ-છ આરા હોય છે. પ્રત્યેક ઉત્સર્પિણી અને અવસર્પિણી ૧૦ કોડાકોડી સાગરોપમની હોય છે.

અહિં એકેન્દ્રિય જીવોમાં પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય એવં પ્રત્યેક વનસ્પતિકાયની સ્વકાય સ્થિતિ અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી કહે છે. પણ અનંતકાય એટલે જ સાધારણ વનસ્પતિકાય જીવોની એથી પણ વધારે જણાવતાં અનંત અવસર્પિણી ઉત્સર્પિણી કહે છે.

આજ વાતને વિશેષ વિવેચનથી વિચારતાં એમ જણાય છે કે પૃથ્વીકાયના ૪ ભેદ, અપ્કાયના ૪ ભેદ, તેઉકાયના ૪ ભેદ, વાયુકાયના ૪ ભેદ એમ કુલ ૧૬ ભેદને વિષે અસંખ્યાતી ઉત્સર્પિણી તથા અસંખ્યાતી અવસર્પિણી સ્વકાયસ્થિતિ હોય છે.

પ્રત્યેક વનસ્પતિકાયના બન્ને ભેદને વિષે સ્વકાયસ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમ હોય છે.

સાધારણ વનસ્પતિકાયના (અનંતકાયના) ચાર ભેદને વિષે સ્વકાયસ્થિતિ અનંત ઉત્સર્પિણી તથા અનંત અવસર્પિણીની હોય છે.

**संखिज्ज समा विगला सत्तट्ठभवा पणिंदि तिरिमणुआ ।**
**उवज्जंति सकाए, नारय देवाय नो चेव ।।४१।।**

**ગાથાર્થ :-** વિકલેન્દ્રિય જીવોની સ્વકાયસ્થિતિ સંખ્યાતા ભવો છે. તિર્યંચ પંચેન્દ્રિય એવં મનુષ્યની સ્વકાય સ્થિતિ ૭-૮ ભવ છે. જ્યારે નારકી દેવલોકના જીવોને સ્વકાય સ્થિતિ નથી.

વિકલેન્દ્રિય એટલે જ બેઇન્દ્રિય, તેઇન્દ્રિય તથા ચઉરેન્દ્રિય જીવોના પર્યાપ્ત-અપર્યાપ્ત મળી છ ભેદોને વિષે સ્વકાય સ્થિતિ સંખ્યાતા ભવો અથવા સંખ્યાતા વર્ષોની છે.

તિર્યંચ પંચેન્દ્રિયની તથા મનુષ્યની વાત જણાવતા ૭ અથવા ૮ ભવ સ્વકાયસ્થિતિ જણાવે છે તે કેમ ?

તિર્યંચ પંચેન્દ્રિય અથવા મનુષ્ય મરીને ફરીથી એ જ જાતિમાં સળંગ ૭ ભવ સંખ્યાતા વર્ષના કરે પણ આઠમો ભવ યુગલિકનો કરી ત્યાંથી નિયમા દેવભવમાં જવું જ પડે.ત્યાંથી ફરી તિર્યંચ કે મનુષ્યભવમાં જઇ શકે છે.

સંમૂર્ચ્છિમ્ તિર્યંચના દશ ભેદ તથા સંમૂર્ચ્છિમ્ મનુષ્યના ૧૦૧ ભેદ એમ કુલ ૧૧૧ ભેદને વિષે સ્વકાયસ્થિતિ ૭ ભવની છે.

ગર્ભજ તિર્યંચના ૧૦ ભેદ તથા કર્મભૂમિના ૩૦ (પર્યાપ્ત અને અપર્યાપ્ત) મનુષ્યના ભેદને વિષે સ્વકાયસ્થિતિ ૭-૮ ભવની છે.

અહીં માત્ર કર્મભૂમિના મનુષ્યના જ ભેદ લીધા છે. કારણ અકર્મભૂમિ એવં ૫૬ અંતરદ્વિપમાં યુગલિયા છે. જે અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા છે. તેમને માટે સ્વકાયસ્થિતિ નથી. યુગલિયા (અંતરદ્વીપ એવં અકર્મભૂમિના મનુષ્ય) નિયમા મરીને દેવલોકમાં જાય છે. આજ વાત કર્મભૂમિમાં યુગલિક કાળના મનુષ્યો માટે સમજવી. તેઓ પણ અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા તથા આયુષ્ય પૂર્ણ કરી દેવલોકમાં જવાવાળા હોય છે.



દેવ તથા નારકીના જીવોને સ્વકાયસ્થિતિ નથી કારણ દેવ મરીને દેવ ન થાય અને નારકી મરીને નારકી ન થાય.

**(૧) અસંખ્ય ઉત્સર્પિણી - અવસર્પિણી સુધીની સ્વકાય સ્થિતિવાળા**
પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય અને પ્રત્યેક વનસ્પતિકાય

**(૨) અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી સુધીની સ્વકાય સ્થિતિવાળા**
સાધારણ વનસ્પતિકાય

**(૩) સંખ્યાત વર્ષની સ્વકાય સ્થિતિવાળા**
બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય

**(૪) સાત-આઠ ભવની સ્વકાય સ્થિતિવાળા**
તિર્યંચ પંચેન્દ્રિયો, મનુષ્ય

**(૫) સ્વકાય સ્થિતિ હોતી નથી.**
દેવતા, નારકો.

## પ્રાણ

જીવન જીવવા માટેની જરૂરી શક્તિ તે પ્રાણ છે. જેના વિયોગમાં જીવનું મરણ થાય છે. પ્રાણ બે પ્રકારના છે. (૧) ભાવ પ્રાણ અને (૨) દ્રવ્ય પ્રાણ.

જ્ઞાન-દર્શન-ચારિત્ર અને વીર્ય એ આત્માના પ્રાણ એટલે ભાવપ્રાણ છે.

ભાવ પ્રાણ આત્મા સાથે સંકળાયેલા છે.

દ્રવ્ય પ્રાણ દેહ સાથે સંકળાયેલા છે.

દ્રવ્ય પ્રાણ ૪ છે. (૧) ઇન્દ્રિયપ્રાણ તે અશુદ્ધ ચેતનામય છે. (૨) યોગબળ પ્રાણ તે અનંતવીર્યરૂપથી વિપરીત છે. (૩) આયુષ્ય પ્રાણ જે અક્ષયસ્થિતિથી વિપરીત છે. (૪) શ્વાસોશ્વાસ પ્રાણ

**ઇન્દ્રિય પ્રાણ પાંચ છે.**

(૧) સ્પર્શેન્દ્રિય પ્રાણ (૨) રસનેન્દ્રિય પ્રાણ (૩) ઘ્રાણેન્દ્રિય પ્રાણ (૪) ચક્ષુરિન્દ્રિય પ્રાણ (૫) શ્રોતેન્દ્રિય પ્રાણ..

**યોગબળ ત્રણ છે -** (૧) મનોબળ પ્રાણ (૨) વચનબળપ્રાણ અને (૩) કાયાબળ પ્રાણ.






## दसहा जिआण पाणा इंदिय उसास आउ बल रुवा ।
## एगिंदिएसु चउरो विगलेसु छ सत्त अट्ठेव ।।४२।।

**ગાથાર્થ :-** જીવોને દશ પ્રાણ હોય છે. પાંચ ઈન્દ્રિય, શ્વાસોશ્વાસ, આયુષ્ય અને ત્રણ બળ એમ દશ પ્રાણ થાય છે. તેમાં એકેન્દ્રિયોને ચાર પ્રાણ હોય છે. અને વિકલેન્દ્રિયોને છ, સાત, આઠ પ્રાણ હોય છે.

કુલ દશ પ્રાણોમાંથી એકેન્દ્રિયને એટલે પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય એવં વનસ્પતિકાયને ચાર જ પ્રાણ હોય છે. કારણ એકેન્દ્રિય હોવાથી ફક્ત સ્પર્શેન્દ્રિય પ્રાણ અને કાયબળપ્રાણ હોય છે. અન્ય ઈન્દ્રિયપ્રાણ કે અન્ય યોગબળ હોતા નથી. આયુષ્ય પ્રાણ અને શ્વાસોશ્વાસપ્રાણ તો બધા જ જીવોને હોય છે. તેથી **એકેન્દ્રિય**ને નીચે મુજબ ચાર પ્રાણ હોય છે. (૧) સ્પર્શેન્દ્રિય પ્રાણ (૨) કાયબળ પ્રાણ (૩) આયુષ્ય પ્રાણ અને (૪) શ્વાસોશ્વાસપ્રાણ.

**બેઈન્દ્રિય**ને સ્પર્શેન્દ્રિય સાથે રસનેન્દ્રિય પણ હોય છે. તેથી કાયબળ સાથે વચનબળ પણ હોય છે. તેથી બે પ્રાણ વધારે થવાથી કુલ છ પ્રાણ હોય છે. તે નીચે મુજબ છે –

(૧) સ્પર્શેન્દ્રિય પ્રાણ (૨) રસનેન્દ્રિય પ્રાણ (૩) કાયબળપ્રાણ (૪) વચનબળપ્રાણ (૫) આયુષ્યપ્રાણ અને (૬) શ્વાસોશ્વાસ પ્રાણ.

**તેઈન્દ્રિય**ને સ્પર્શેન્દ્રિય અને રસનેન્દ્રિય સાથે ઘ્રાણેન્દ્રિય પણ હોય છે. તેથી બેઈન્દ્રિયના છ પ્રાણમાં ઘ્રાણેન્દ્રિયના પ્રાણનો ઉમેરો થવાથી સાત પ્રાણ હોય છે તે નીચે મુજબ છે –

(૧) સ્પર્શેન્દ્રિયપ્રાણ (૨) રસનેન્દ્રિય પ્રાણ (૩) ઘ્રાણેન્દ્રિય પ્રાણ (૪) કાયબળ પ્રાણ (૫) વચનબળ પ્રાણ (૬)આયુષ્ય પ્રાણ અને (૭) શ્વાસોશ્વાસ પ્રાણ.

ચઉરિન્દ્રિયમાં સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય સાથે ચક્ષુરિન્દ્રિયનો વધારો થવાથી કુલ ૮ પ્રાણ થાય છે. તે નીચે મુજબ છે. –

(૧) સ્પર્શેન્દ્રિય પ્રાણ (૨) રસનેન્દ્રિય પ્રાણ (૩) ઘ્રાણેન્દ્રિય પ્રાણ (૪) ચક્ષુરિન્દ્રિય પ્રાણ (૫) કાયબળ પ્રાણ (૬) વચનબળ પ્રાણ (૭) આયુષ્ય પ્રાણ અને (૮) શ્વાસોશ્વાસ પ્રાણ.

## असन्नि-सन्नि-पंचिदिएसु, नव दस कम्मेण बोधव्वा ।
## तेहिं सह विप्पओगो जीवाणं भण्णए मरणं ।।४३।।

**ગાથાર્થ :** અસંજ્ઞિ એટલે મન વગરના અને સંજ્ઞિ એટલે મનવાળા પંચેન્દ્રિય જીવોને અનુક્રમે નવ અને દસ પ્રાણ જાણવા. તે પ્રાણોની સાથે ''વિયોગ'' એ જ જીવોનું ''મરણ'' કહેવાય છે.

પંચેન્દ્રિય જીવો બે પ્રકારના છે. (૧) સંજ્ઞિ એટલે મનવાળા (૨) અસંજ્ઞિ એટલે મન વિનાના.

દેવ નારકી તથા ગર્ભજ મનુષ્ય અને ગર્ભજ તિર્યંચ મનવાળા છે તેથી સંજ્ઞિ પંચેન્દ્રિય છે તેથી તે મનોબળ સહિત છે માટે તેમને દસ પ્રાણ છે. જ્યારે એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, તથા સંમૂર્ચ્છિમ્ તિર્યંચ પંચેન્દ્રિય અને સંમૂર્ચ્છિમ્ મનુષ્ય બધા મન વિનાના હોવાથી અસંજ્ઞિ છે.

અહિં અસંજ્ઞિ પંચેન્દ્રિયના નવ પ્રાણ જણાવે છે. એમની પાસે મનોબળ હોતું નથી.



સંજ્ઞિ પંચેન્દ્રિયને બધા જ દસ પ્રાણ હોય છે. કેટલાક સંમૂર્ચ્છિમ મનુષ્યોમાં વચનબળ હોતું નથી તેથી નવના બદલે એમનામાં આઠ પ્રાણ હોય છે. વળી આવા સંમૂર્ચ્છિમ્ મનુષ્ય જ્યારે શ્વાસોશ્વાસ પર્યાપ્તિ પૂર્ણ કર્યા વગર જ મરે છે ત્યારે તેમને શ્વાસોશ્વાસ પ્રાણ પણ ન હોવાથી ફક્ત સાત જ પ્રાણ હોય છે.

હવે ગાથાના પાછળના અર્ધા ભાગમાં મરણ કોને કહેવાય ? તે જણાવતાં કહે છે – ''જે જીવના જેટલા પ્રાણ હોય તેનાથી તેનો સર્વથા વિયોગ તે જીવનું મરણ છે. ''પ્રાણોની સાથે આત્માનો વિયોગ તે જીવનું મરણ છે.''

આ વ્યાખ્યા જોતા ખ્યાલ આવે છે કે આત્માનો દ્રવ્ય પ્રાણોથી વિયોગ થાય છે તેને વ્યવહારીક ભાષામાં મરણ કહેવાય છે. તે મરણ સંસારી અવસ્થાનું છે. આત્માનું નથી. આત્માના ભાવ પ્રાણ છે અને આત્માના ભાવપ્રાણ ક્યારેય આત્માથી જુદા થતા નથી તેથી આત્માનું મરણ સંભવતું નથી તેથી જ આત્મા અમર છે. સિદ્ધના જીવો અમર છે.

### ● જીવોના પ્રાણ–પર્યાપ્તિનું કોષ્ટક ●

| ૧૦ પ્રાણ ૬ પર્યાપ્તિ | આયુષ્ય આહાર | કાયબળ શરીર | પાંચ ઈન્દ્રિય | શ્વાસો શ્વાસ | વચનબળ ભાષા | મનોબળ મન | કુલ પ્રાણ | કુલ પર્યાપ્તિ |
|---|---|---|---|---|---|---|---|---|
| એકે. | ૧ | ૧ | ૧ | ૧ | – | – | ૪ | ૪ |
| બેઈ. | ૧ | ૧ | ૨–૧ | ૧ | ૧ | – | ૬ | ૫ |
| તેઈ. | ૧ | ૧ | ૩–૧ | ૧ | ૧ | – | ૭ | ૫ |
| ચઉ. | ૧ | ૧ | ૪–૧ | ૧ | ૧ | – | ૮ | ૫ |
| અસંજ્ઞી પંચે. | ૧ | ૧ | ૫–૧ | ૧ | ૧ | – | ૯ | ૫ |
| સંજ્ઞી પંચે. | ૧ | ૧ | ૫–૧ | ૧ | ૧ | ૧ | ૧૦ | ૬ |

મરણ શું છે ? એની જીવ–વિચારની વ્યાખ્યા આપણે જાણી લીધી.

સંસારમાં આપણે જ્યારે કહીએ છીએ કે ''ફલાણા ભાઈ મરી ગયા'' એટલે એ માનવીના આત્માનો અને દ્રવ્ય પ્રાણોનો વિયોગ થયો. આત્માને પ્રાણનો વિયોગ થાય એટલે આત્મા એ દેહ છોડીને કર્માનુસાર અન્ય ગતિમાં જાય છે. આ મરણ તે પર્યાયમાં જીવતાં જીવનું મરણ છે. પણ આત્મા તો અમર છે.. એનું મરણ અસંભવિત છે.

આવું મરણ જીવે કેટલીવાર અનુભવ્યું છે અને ક્યાં સુધી આ પરંપરા ચાલુ રહેશે તે સમજાવતાં કહે છે –

## एवं अणोरपारे संसारे सायरम्मि भीमम्मि ।
## पत्तो अणंत - खुत्तो जीवेहिं अपत्त - धम्मेहिं ।।४४।।

**ગાથાર્થ :** અનાદિ – અનંત એવા ભયંકર સંસારરૂપી સાગરમાં ધર્મ ન પામેલા જીવો આ પ્રકારે અનંતીવાર મરણને પામ્યા છે.

આ સંસાર કેવો છે ?

જેની ક્યાંય શરૂઆત નથી... તેથી અનાદિ છે...

જેનો ક્યાંય અંત નથી... માટે જ અનંત છે...

જે સતત ભયમાં રાખનાર અને ભયને નિર્માણ કરનાર છે. એટલે જ ભયંકર છે... આવા આ સંસારમાં આપણે બધા અનંત જન્મ–મરણ કરી ચૂક્યા છીએ. અનંતીવાર જન્મ્યા છીએ... અનંતીવાર મરણ પામ્યા છીએ...

શા માટે જન્મ લેવા પડ્યા ?... શા માટે મરવું પડ્યું ?...

શું આવા જન્મ નથી જોઇતા ? શું આવા મરણ નથી જોઇતા ?

મરણથી બચવું હોય તો જન્મથી બચવું પડે... કારણ મરણ પછી જન્મ ન લેવો પડે એવું બની શકે પણ જન્મ લીધો એટલે મરણ ટાળવાનો કોઇ ઉપાય નથી.

જો મરવું નથી તો જન્મવાનું છોડી દો... જન્મ-મરણથી છુટવાનો એક માત્ર ઉપાય ધર્મ !

અહીં ઉપરથી ગાથામાં આજ વાત કહી છે. આપણે ધર્મ ન પામ્યા એટલે જ જન્મ-મરણના ચક્રમાં ફરતા રહ્યા. જો ધર્મ પામ્યા હોત તો જન્મ-મરણના ફેરા ન ફરવા પડત.

સંસારમાં સુખ ઘણા છે.. સુખના સાધન ઘણા છે... સુખના નિમિત્ત ઘણા છે... સુખના કારણ અનેક છે પણ બધા સુખનું મૂળ પુણ્ય છે... ધર્મ છે !

સંસારમાં દુઃખ ઘણા છે.. .દુઃખના નિમિત્ત ઘણા છે... દુઃખના કારણ ઘણા છે... દુઃખના પ્રકાર ઘણા છે... દુઃખના ઉપાય ઘણા છે પણ બધા દુઃખોનું મૂળ કારણ પાપ છે... અધર્મ છે !...

બધા દુઃખોમાં મોટું દુઃખ મરણનું દુઃખ છે એનું કારણ ધર્મની અપ્રાપ્તિ છે અને આ મહાદુઃખને ટાળવાનો એક માત્ર રામબાણ ઉપાય છે ધર્મ !

આત્માના અમરત્વને પામવા જ્યારે ''ધર્મ''એજ એક શરણ છે ત્યારે જીવનની દરેક પળને શા માટે ધાર્મિક ન બનાવીએ ? જીવનના દરેક કાર્ય સાથે ધર્મને શા માટે ન જોડી દઇએ ? આજ દિવસ સુધી અજ્ઞાન દશામાં ઘણો કાળ વ્યતીત કર્યો, હવે ''ધર્મ'' ના સાચા મર્મને જાણી માનવ જીવનમાં મળેલી સર્વ શક્તિ અને સર્વ સમયને ધર્મમય બનાવવાનો એક માત્ર પુરુષાર્થ આદરીએ.



**યોનિ**

**तह चउरासी लक्खासंखा जोणीण होई जिवाणं ।**
**पुढवाइणो चउण्हं पत्तेयं सत्त सत्तेव ।।४५।।**

**ગાથાર્થ :** જીવોની યોનિઓ ચોર્યાશી લાખ છે. પૃથ્વીકાયાદિ ચારમાં એક એકની સાત-સાત લાખ છે.

જીવોને ઉત્પન્ન થવાનું સ્થાન તે યોનિ છે. યોનિ અસંખ્ય છે. વર્ણ-જાતિ આદિની સમાનતાથી એક ભેદ ગણતાં ચોર્યાશી લાખ છે. પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય અને વાયુકાયની સાત લાખ યોનિઓ છે. એટલે એ ચારની અઠ્યાવીસ લાખ યોનિઓ છે.

અન્ય યોનિઓની સંખ્યા જણાવતાં કહે છે -



**दस पत्तेय-तरुणं चउदस लक्खा हवंति इयरेसु ।**
**विगलिं दिएसु दो दो चउरो पंचिंदि - तिरियाणं ।।४६।।**
**चउरो चउरो नारय - सुरेसु मणुआण चउदस हवंति ।**
**संपिडिआ य सव्वे चुलसी लक्खा उ जोणीणं ।।४७।।**

**ગાથાર્થ :** આગળ યોનિઓની સંખ્યા બતાવે છે. પ્રત્યેક વનસ્પતિકાયને દસ લાખ યોનિઓ છે. ઇતર એટલે સાધારણ વનસ્પતિકાયને ચૌદ લાખ યોનિઓ છે. વિકલેન્દ્રિયને એટલે જ ઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિયને વિષે બે - બે લાખ સંખ્યા છે. તિર્યંચ પંચેન્દ્રિયને ચાર લાખ સંખ્યા છે. નારક અને દેવની ચાર-ચાર લાખ યોનિઓ છે જ્યારે મનુષ્યની ચૌદ લાખ યોનિ છે. એમ બધી મેળવતાં ચોર્યાશી લાખ સંખ્યા થાય છે.

પૃથ્વીકાય..............૭ લાખ
અપ્કાય...............૭ લાખ
તેઉકાય................૭ લાખ
વાયુકાય...............૭ લાખ
પ્રત્યેક વનસ્પતિકાય.....૧૦ લાખ
સાધારણ વનસ્પતિકાય..૧૪ લાખ
બેઇન્દ્રિય...............૨ લાખ
તેઇન્દ્રિય...............૨ લાખ
ચઉરિન્દ્રિય.............૨ લાખ
તિર્યંચ પંચેન્દ્રિય........૪ લાખ
દેવતા.................૪ લાખ
નારકી.................૪ લાખ
મનુષ્ય.................૧૪ લાખ

**કુલ.... ૮૪ લાખ જીવાયોનિ છે.**

**પ્ર૦ ચોરાશી લાખ જીવાયોનીમાં મુંગા, બોલતાં વિગેરે કેટલા છે ?**

**ઉ૦** ચોરાશી લાખ જીવાયોનીમાં એકેન્દ્રિય બાવન લાખ મુંગા છે અને બેઇન્દ્રિય વિગેરે બત્રીશ લાખ બોલતા છે. તથા એકેન્દ્રિય અને બેઇન્દ્રિય એમ ચોપન્ન લાખ નાક વિનાના છે, અને તેઇન્દ્રિય વિગેરે ત્રીસ લાખ નાકવાલા છે. તથા એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય એમ છપ્પન લાખ આંધળા છે, અને ચઉરિન્દ્રિય વિગેરે અઠાવીશ લાખ દેખતા છે. તથા એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય એમ અઠાવન્ન લાખ બહેરા છે અને પંચેન્દ્રિય છવીસ લાખ સાંભળતા છે.

યોનિના ૮૪ લાખ ભેદ અન્ય ધર્મોમાં પણ સ્વીકારવામાં આવ્યા છે. જૈન દર્શનમાં અન્ય ભેદે પણ યોનિના પ્રકાર બતાવ્યા છે.

(૧) યોનિના ત્રણ ભેદ (અ) સંવૃત (બ) વિવૃત (ક) મિશ્ર. સ્પષ્ટપણે ન જણાય તે સંવૃત. જે દેવ તથા નારકોને હોય સ્પષ્ટ પણે જણાય તે વિવૃત. જે વિકલેન્દ્રિય અને અસન્નિ પંચેન્દ્રિયને હોય છે... કાંઇક-સ્પષ્ટ કાંઇક અસ્પષ્ટ જણાય તે મિશ્ર. જે ગર્ભજ તિર્યંચ અને મનુષ્યને હોય છે.

(૨) બીજી રીતે યોનિના ત્રણ ભેદ કહે છે -

(અ) શીત (આ) ઉષ્ણ (ઇ) શીતોષ્ણ.

પ્રથમ ત્રણ નરકના અને ચોથી નરકનાં ઉપરના પ્રતરમાં યોનિ શીત હોય છે..

નરકના નીચેના પ્રતરમાં ઉષ્ણ યોનિ હોય છે. દેવતિર્યંચ અને મનુષ્યને શીતોષ્ણ હોય છે.

(૩) અન્ય રીતે સચિત્ત, અચિત્ત અને મિશ્ર (સચિત્તાચિત્ત) એવા પણ યોનિના ભેદ થાય છે.

સંસારી જીવોના સ્વરૂપને સમજાવ્યા પછી હવે મુક્ત એવા સિદ્ધગતિના જીવોના સ્વરૂપને સમજાવતાં કહે છે -

**सिद्धाणं नत्थि देहो, न आउ कम्मं न पाण जोणीओ ।**
**साइ अणंता तेसिं ठिइ, जिणंदागमे भणिया ॥४८॥**

**ગાથાર્થ :** સિદ્ધોને શરીર નથી, આયુષ્ય કર્મ નથી, પ્રાણ કે યોનિ નથી. ફક્ત તેઓની સ્થિતિ શ્રી જિનેશ્વર પ્રભુના આગમોમાં સાદિ અનંત કહી છે.

સિદ્ધના જીવો કેવા છે ? તે બતાવે છે :



સિદ્ધના જીવોને શરીર નથી.... એટલે અશરીરી છે...
સિદ્ધના જીવોને આયુષ્ય નથી....એટલે અમર છે...
સિદ્ધના જીવોને કર્મ નથી....એટલે દુઃખ નથી...
સિદ્ધના જીવોને પ્રાણ નથી...એટલે મૃત્યુ નથી...
સિદ્ધના જીવોને યોનિ નથી...એટલે જન્મ નથી...

જિનેશ્વર ભગવંતના આગમને વિષે તેઓની સ્થિતિ સાદિ અનંત કહી છે. સાદિ એટલે સ+આદિ.

આદિ એટલે શરૂઆત. જે શરૂઆત સહિત છે તે સાદિ કહેવાય છે. આત્મા જ્યારે મોક્ષમાં જાય છે ત્યારે સિદ્ધગતિની શરૂઆત થાય છે એટલે જ સિદ્ધોના જીવોની સ્થિતિ સાદિ છે.

પણ એકવાર સિદ્ધ બન્યા પછી...સિદ્ધગતિને પામ્યા પછી જીવ ત્યાંથી ક્યાંય જતો નથી. બીજી ગતિને પામતો નથી... સદા સદા કાળ માટે સિદ્ધગતિમાંજ... સિદ્ધશીલા ઉપર જ રહે છે. તેથી જ તેની સ્થિતિ સાદી સાથે અનંત કહી. અનંત એટલે અંત રહિત... જેનો ક્યારેય અંત નથી એવી.

આયુષ્ય હોય તો ક્ષય થયે નાશ થાય પણ અહીં તો આયુષ્ય જ નથી... શરીર હોય તો વિનાશ પામે પણ અહીં તો શરીર જ નથી. કર્મ હોય તો ભોગવવા પડે અહીં તો કર્મ જ નથી તેથી આત્મા પોતાના મૂળથી... સત્ય સ્વભાવદશાને પામે છે. અને સદા તે જ દશામાં રહે છે.

**काले अणाइ निहणे, जोणि गहणंमि भीसणे इत्थ ।**
**भमिया भमिहंति चिरं, जीवा जिणवयण मलहंता ॥४९॥**

**ગાથાર્થ :** જીવો અનાદિકાળથી ગહન... ઉંડા અને ભીષણ... એટલે ભયંકર એવા સંસાર સાગરમાં ભટકયા છે... ભટકે છે અને ભટકશે...

ચૌદ રાજલોકમાં ચોર્યાસી લાખ જીવાયોનિમાં જીવો અનાદિ કાળથી કેવા કેવા ભયંકર દુઃખોને પામ્યા છે ?
ક્ષણવાર આ દુઃખોને યાદ કરો...
ક્યારેક આ જીવ રાજા બન્યો... ક્યારેક ભિખારી બન્યો...
ક્યારેક દેવલોકમાં ગયો... ક્યારેક નારક બન્યો...
ક્યારેક હાથી બન્યો... ક્યારેક કિડીના દેહને પામ્યો...



ક્યારેક ઘાસ બન્યો... ક્યારેક દાસ બન્યો...
ક્યારેક સુવર્ણ બન્યો... ક્યારેક સેવક બન્યો...
ક્યારેક માતા બન્યો... ક્યારેક પુત્ર બન્યો...
ક્યારેક પુત્રી બન્યો... ક્યારેક પત્ની બન્યો...
કેવી-કેવી વિચિત્રતા ભોગવી આ જીવે !

એકવાર નહિ... અનેકવાર પણ નહીં... અનંતી.... અનંતીવાર આવી દશા પામ્યો છતાં એના આ અનાદિના સંસાર ચક્રને બ્રેક ન લાગ્યો. જાણો છો કેમ ? શા માટે આપણને ભટકવું પડ્યું ? શા માટે આપણે ભટકી રહ્યા છીએ ?

સ્વયં શાંતિસૂરીશ્વરજી મહારાજ જવાબ આપતાં કહે છે –

**जीवा जिणवयण मलहंता ।**

કેટલી સરળ અને સહજ વાત બતાવી છે. જે જીવોને જિનેશ્વર પરમાત્માના વચનોની પ્રાપ્તિ થતી નથી તે જીવો સંસારમાં ભટક્યા છે... ભટકે છે... અને ભટકશે... પણ જે જીવોને જિનેશ્વર પરમાત્માના વચનો મળ્યા છે તે જીવો ભવભ્રમણથી અટક્યા છે.. અટકે છે... અને અટકશે.

આપણે આજ સુધી ભટકીએ છીએ એ જ વાત બતાવે છે કે આપણને જિનવાણી મળી નથી... સમજાણી નથી. એટલે જ તો શ્રી શાંતિસૂરીશ્વરજી મહારાજ આપણને સહુને જીવ વિચારના માધ્યમથી જિનેશ્વર પરમાત્માની વાણી સમજાવે છે. આપણો જીવ ક્યાં ક્યાં ભટકી આવ્યો છે ? ક્યાં ક્યાં એના કેવા કેવા હાલ થયા છે ? એનો પરિચય કરાવે છે. જીવ જો આ જિન વચનોને જાણીને... વિચારીને, ચિંતન અને મનન કરીને નવનીત પ્રાપ્ત કરે તો જરૂર વૈરાગ્ય જાગૃત થાય. એ સામાન્ય વૈરાગ્ય ન હોય પણ જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય જીવ પામી જાય. સંસારના પરિભ્રમણથી થાકી જાય... કંટાળી જાય...''ના ! હવે સંસારમાં વધુ નથી રખડવું...'' એવા ઉદ્ગાર મોઢામાંથી સરી પડે.

અનાદિની રખડપટ્ટીનો અંત લાવવાના અરમાન જાગ્યા વગર ન રહે ! અનંતના આકાશમાં ઉડવા માટે એ તો પાંખ ફફડાવવા માંડે... જ્ઞાનની આંખ અને ક્રિયાની પાંખથી સાધનાના ગગનમાં ઉડતો જીવ અપ્રમત્ત બને... ક્ષણવાર પણ પ્રમાદમાં ન ફસાય... સિદ્ધિના શિખર ભણી આગેકૂચ કરે.

આવા સાધકને વધારે જાગૃત કરવા શ્રી શાંતિસૂરીશ્વરજી મ.સા. કહે છે –

હે જીવ ! તું ક્યાં ક્યાં ભમ્યો તે તેં જાણ્યું... હમણાં તું ક્યાં છે ? કોણ છે ? એની તને ખબર છે...

**ता संपइ संपत्ते, मणुअत्ते दुल्लहेवि सम्मत्ते ।**
**सिरि संति सूरि सिट्ठे, करेह भो उज्जमं धम्मे ॥५०॥**

**ગાથાર્થ :** માટે હવે તો દુર્લભ છતાં મનુષ્યપણું અને સમ્યક્ત્વ મળ્યા છે તો હે ભવ્ય મનુષ્ય ! જ્ઞાનાદિ લક્ષ્મી અને શાંતિયુક્ત (શ્રી શાંતિસૂરિ) પૂજ્ય પુરૂષોએ બતાવેલા ધર્મમાં ઉદ્યમ કરો.

વર્તમાનમાં પુણ્યયોગે દુર્લભ એવા મનુષ્ય ભવની પ્રાપ્તિ થઇ... એનાથી વિશેષ દુર્લભ એવા જિનેશ્વર પરમાત્માના વચનોની પ્રાપ્તિ થઇ. હવે શું બાકી છે ? બધું જ મળ્યું, બસ લાગી જા હવે ઉદ્યમમાં... આદર ભગીરથ પુરૂષાર્થ... કાંઇ જ અસંભવિત નથી. એકવાર સમ્યગ્દર્શનને પામવા માટેના સાચા પ્રયત્નોમાં લાગી જા...

નિશ્ચય સમ્યગ્દર્શન માટે વ્યવહારીક સમ્યગ્દર્શન અત્યંત આવશ્યક છે અને વ્યવહાર સમ્યગ્દર્શન માટે જિનેશ્વરના વચનો ઉપર અડગ શ્રદ્ધા અનિવાર્ય છે.

''હે પ્રભુ ! આપે જે કહ્યું છે તે જ સત્ય છે. ખરેખર આપે જીવવિચારમાં સંસારી જીવના જે જે ભેદો બતાવ્યા એ બધામાં મારો આત્મા અનંતીવાર ભમી આવેલો છે.'' નજરની સામે બધી યોનિઓમાં દુઃખ, વેદના અને પ્રતિકુળતાને પરાધીનતાથી સહન કરતા પોતાનું જ વિકૃત સ્વરૂપ દેખાવા લાગે છે. આ બધા જ દુઃખોમાંથી મુક્ત કરનાર... કરવાની ક્ષમતા ધરાવનાર જિન વચન પ્રત્યે અત્યંત પૂજ્યભાવ જાગે અને આ જીવ દુઃખો અને દુર્ગતિથી બચવા પરમાત્માના ચરણોની શરણાગતિ સ્વીકારી લે.

સંપૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ સાથે ભવભ્રમણ ટાળવા સખત પરિશ્રમ... ઉદ્યમ કરવા જીવ પોતાનું વીર્ય ફોરવે છે.

જેમણે શ્રદ્ધા અને સમર્પણ સાથે આત્મવીર્ય ફોરવ્યું તે બધા જીવો સંસાર સાગરને પાર પામ્યા છે અને પામશે.

**एसो जीववियारो, संखेव रुईणजाणणाहेऊ ।**
**संखितो उद्धरिओ रुदाओ सुय समुद्दाओ ।।५१।।**

**ગાથાર્થ :** આવી પરંપરાને આગળ વધારવાના જ મંગળમય હેતુથી શ્રી શાંતિસૂરીશ્વરજી મ.સા. શ્રુતના સાગરમાંથી સંક્ષિપ્ત કરીને આ જીવવિચારને ઉદ્ધાર્યો છે.

આપણા આજના વિકૃતરૂપને જ ન બતાવતાં જીવ-વિચારમાં પરમાત્માના વચનના આલંબને જીવ કેવા સ્વરૂપને પામી શકે છે એની પણ સમજણ મુક્ત જીવોનું સ્વરૂપ બતાવી આપણને આપી છે.

જીવની શિવયાત્રાનું પ્રબળ આલંબન સર્વજ્ઞ ભગવંતોના વચનો છે. આ વચનોનું આલંબન લેનાર સૌ ભવ્ય સંસારી જીવો સર્વ જંજીરોમાંથી સ્વયંના આત્માને મુક્ત કરી લાખો યોજન દૂર સિદ્ધશિલાની ઉપર સ્વયંના શાશ્વત ધામમાં સ્વઆત્માને પરમાત્મા બનાવી સિદ્ધાત્મા બનાવી સદાકાળ માટે સ્થિર કરી શકે છે... શાશ્વત સુખમાં રમી શકે છે.

**''જીવ-વિચાર''**ના મંગલમય માધ્યમથી સહુમાં ઉચ્ચકોટીનો વૈરાગ્ય જન્મે... અપ્રમત્ત ઉદ્યમ પ્રગટે... વીર્ય ઉલ્લસે... આપણાં સહુનો આત્મા સતત અખંડપણે મુક્તિ માર્ગનો પ્રવાસી બની... પ્રાંતે સિદ્ધશિલાનો નિવાસી બને એ જ પ્રભુ પ્રાર્થના !

